Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ · અંક : ૦૭ · તા. ૧૪ થી ૨૦ ફેબ્રુઆરી - ૧૫ · વાર્ષિક લવાજમ રૂ. ૫૦ · Postal Reg. No. MCE / 53 / 2015 - 2017

## સૂરિપદની વધારી ગરિમા, અનુમોદના સહ વંદના !!

સૂરિપદ રજત વર્ષ : ૧૫.૨.૨૦૧૫



સાહિત્ય દિવાકર સૌમ્ય સ્વભાવી પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મ. સા. ને

સૂરિપદ પ્રાપ્તિની ૨૭ મી (૨૫ + ૨ સ્મૃતિ) પાવન તિથિ નિમિત્તે માનવંદના.

કર્યો સાહિત્ય ને તિર્થોનો ઉધ્ધાર, અચલગચ્છના આપ અનોખા શણગાર !

**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

# સૂરિપદ પ્રદાન તિથિએ અનુમોદના



**સાહિત્ય દિવાકર પ.પૂ. આ. ભ. કલાપ્રભસાગર સૂરિશ્વરજી મ.સા.**

**સૂરિપદ પ્રદાન દિનઃ તા. ૧૫.૨.૨૦૧૫**

અચલગચ્છની ભવ્ય પરંપરાને આપે સાહિત્ય અને તિર્થ ઉધ્ધારથી સમૃધ્ધ કરી, ગચ્છના ઈતિહાસમાં અનન્ય સ્થાન પ્રાપ્ત કર્યું છે. સૂરિપદ પ્રદાનની પાવન તિથિએ આપના ગુણો અને ગચ્છ માટેના કાર્યોની અનુમોદના કરતાં ધન્યતા અનુભવીએ છીએ.

- શામજી નરશી દંડ (સાંધવ - મુલુંડ)
પ્રમુખ શ્રી અખિલ ભારત વિધિપક્ષ (અચલગચ્છ) જૈન સંઘ

## સાહિત્ય દિવાકર પ.પૂ. શ્રી કલાપ્રભસાગર સૂરિશ્વરજી મ.સા. નો આછેરો પરિચય ભવ્ય પ્રેરણા ભવ્ય પુરુષાર્થ અને પુણ્ય મૈત્રીના પવિત્ર પમરાટ ફેલાવતા સૂરિદેવ

કચ્છ નવાવાસની કામણગારી ધરા પર પિતા રતનશીભાઈ તથા માતા પ્રેમકુવરબાઈના ઘરે કિશોરકુમારનો જન્મ સં.૨૦૦૯ માગસર વદ બીજને મંગળવાર મંગલદિને થયો.

નવ મહિનાનો એ બાળક ઝાડા ઉલ્ટીની વ્યાધિ ઉદયમાં આવવાના કારણે બેભાન બની ગયેલો. હાથ-પગ ઠંડા પડી ગયા, આશા નિરાશામાં ફેરવાઈ ગઈ પણ ભાવિના શાસન સિતારા બનનારાએ બડભાગી બાળને જાણે શાસન દેવોએ સહાય ન કરી હોય! તે કસ્તૂરી, શેક વિગેરે ઘરગથ્થુ ઉપાયો કામયાબ બની ગયા ને જાણે નવજીવન મળ્યું.

બે વરસના એ બાળને સાથળ ઉપર ગુમડું નીકળ્યું પિતાજી ડ્રેસીંગ કરતા અરેરાટી અનુભવતા, પણ એ બાળમાં સહનશીલતા કેવી અજોડ! અસહ્ય વેદના છતાં સિસકારાનું નામ નહીં!

ધર્મબીજનું વાવેતર કરવા પ્રેમકુવર બાઈએ પ્રેરણાનાં પિયુષ પીવડાવ્યા. પ્રભુદર્શન પછી જ નવકારશી કરવા મળતી. રોજ રાત્રે સૂતાં પહેલા મમતાળુ માતાની મીઠી હિતકારી વાતો સાંભળતા સેવા કરતા, માતા પણ હૈયાની હેતથી એક ગાથા કંઠસ્થ કરાવતા. આ રીતે ગુરુવંદન-દર્શનવિધિ-સામાયિક વિધિ પૂર્ણ કરી. આમ શૈશવકાળથી જ તેમના જીવનરૂપી ઉદ્યાનમાં જ્ઞાનરૂપી પુષ્પો પાંગરવા લાગ્યા.

બાર વર્ષની વયે વિશેષ જ્ઞાનાભ્યાસ કરવા સ્વેચ્છાએ માતાપિતાની આજ્ઞા મેળવી આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.પ્રેરિત શ્રી આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠમાં જોડાયા. કુશાગ્ર બુધ્ધિ અને ઉચ્ચાર શુધ્ધિના કારણે દિન-પ્રતિદિન વણથંભી વિદ્યાની વણઝારને વહેતી કરી વિકાસશીલ બન્યા.

વેકેશનમાં મોહમયી મુમ્બાપુરીની મુલાકાતે ગયા ત્યારે વીરની વાટના પરિષહો પહાડ સમા લાગ્યા. તેથી વિચારોના વમળમાં ફસાઈ ગયા. ભણવાનો ઈન્કાર કર્યો, ગુરુ પ્રત્યે અપૂર્વ ભક્તિ છે એવી માતાએ 'નહીં બેટા, એ નહીં ચાલે' તો તે હું અઠ્ઠમ કરીશ.' આ સંકલ્પે સિધ્ધિ આણી. કિશોરભાઈ ફરી કર્મોના કાટને દૂર કરવા કાંટાળ કુસંસ્કારોને કેન્સલ કરનારી, કલ્પવૃક્ષસમી વિદ્યાપીઠમાં કર્મ ફિલોસોફીના કાયદાની કેળવણી મેળવવા કટિબધ્ધ બન્યા. જેમાં વિશિષ્ટ કોટિનો ફાળો પ.પૂ.પુણ્યોદયશ્રીજી મ.સા.નો રહ્યો.

જળ કિશોરકુમાર સુખોથી ભર્યા-ભાદર્યા સંસારને સલામ ભરી ૧૬ વર્ષની વયે કારતક વદ ૧૩ સં.૨૦૨૬ ભુજપુરમાં કલ્યાણની કેડીએ સંચર્યા. દીર્ઘકાલ બાદ અચલગચ્છના ઈતિહાસમાં અચલગચ્છના ઈતિહાસમાં બાલદીક્ષાનો પુનિત પ્રસંગ પ્રથમવાર સર્જાયો.

ગુરુદેવશ્રી આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજીમ.સા.નું શિષ્યત્વ સ્વીકારી કિશોરભાઈ મટી મુનિ કલાપ્રભસાગરજી બન્યા.

કલ્યાણ બંધુ પૂ. કીર્તિસાગરજી મ.સા.ની પ્રેરણાથી સાહિત્ય ક્ષેત્રે પ્રવૃત્ત બન્યા. કચ્છમાં વિચરી અનેક પ્રાચીન અર્વાચીન જ્ઞાન ભંડોરોને વ્યવસ્થિત કરીને સમૃધ્ધ કર્યા, અપ્રકાશિત ગ્રંથોને પ્રકાશિત કર્યા. ચિંતન મનન કરીને અનેક ગ્રંથોનો ઉદ્ધાર, સંરક્ષણ તથા સંવર્ધન કરવામાં એવા મશગૂલ બની જતા કે વાપરવાનું ય વિસરાઈ જતું.

અનુસંધાન ૧૬ પાને

# સમસ્ત મહાજન, મુંબઈ મહાજન અને અનંતનાથજી ટ્રસ્ટના વહીવટ માટે બંધારણીય સુધારા

તાજેતરમાં બોલાવાયેલી શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - મુંબઈની સર્વ સાધારણ સભાની કાર્યસૂચિમાં એ મહાજનની વ્યવસ્થાપક સમિતિની સભ્ય સંખ્યા એકાવનને બદલે શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ૧૧ ટ્રસ્ટીઓ સહિત ૩૧ની કરવાના બંધારણીય સુધારાનો સમાવેશ હતો.

ચૂંટણી જાહેર થઈ ગઈ હોય અને કેટલાક ઉમેદવારો બીન હરીફ ચૂંટાઈ ગયાની જાહેરાત થઈ ગઈ હોય ત્યારે આવા બંધારણીય સુધારા કાર્યસૂચિ પર લાવવા બદલ સભામાં મુંબઈ મહાજનના અધિકારીઓની આકરી ખબર લેવાઈ.

જોકે, સમયોચિતતાની દૃષ્ટિએ જોઈએ તો સમસ્ત મહાજન, મુંબઈ મહાજનની વ્યવસ્થાપક સમિતિ અને અનંતનાથજી ટ્રસ્ટ ત્રણેના બંધારણ સુધારા - વધારા માંગે છે.

બંધારણીય સુધારા - વધારા જોકે લાંબા સમય માટે કરવાના હોઈ તે વિશેષ કાર્યપદ્ધતિની અપેક્ષા રાખે છે. તેથી આપણી પાસે ક્યા બંધારણીય સુધારા - વધારાની આવશ્યકતા છે એની સાથે તે કેવી રીતે કરવા એની કાર્યપદ્ધતિ અંગે પણ સ્પષ્ટતા કેળવાય એ જરૂરી છે.

જ્યાં સુધી સમસ્ત મહાજન અને મુંબઈ મહાજનની વ્યવસ્થાપક સમિતિનો સવાલ છે એ બાબત આપણી પાસે આછો ખ્યાલ છે જ. અનંતનાથ ટ્રસ્ટ વિશે જોકે વિચારવાનું બાકી છે.

સમસ્ત મહાજનના આગેવાનોએ વિખરાતી જતી જ્ઞાતિ ખાસ કરીને મુંબઈ બહાર વસતા જ્ઞાતિજનો કેવી રીતે જ્ઞાતિ સાથે જોડાયેલા રહે, કેમ તેમના સંતાનોના લગ્નની સમસ્યા હલ થાય એ દિશામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવાની છે.

અત્યારે સમસ્ત મહાજનની વ્યવસ્થા પરંપરાગત મહાજન કેન્દ્રિત છે. એ બસ છે કે તેમાં બધી જ્ઞાતિ સંસ્થાઓ આવરી લેવાવી જોઈએ એ વિશે વધુ વિચાર કરવાની જરૂર છે.

સમસ્ત મહાજનની ઓફિસ ચલાવવા અને તે દ્વારા સંકલનનું કામ કરવા માટેનો ખર્ચ સંસ્થા સ્વતંત્ર રીતે દાનવીરો પાસેથી ઉઘરાવે કે તેના ઘટકોએ આપેલા ફાળાથી તે ચાલે એ પણ મહત્વનો પ્રશ્ન છે.

અલબત્ત, સમસ્ત મહાજનના ટ્રસ્ટીઓ અને મહાસમિતિના સભ્યો એવી ભૂલ ભરેલી માન્યતા ધરાવે છે કે સમસ્ત મહાજનને અનુદાન કે ફંડ સ્વીકારવા પર પ્રતિબંધ છે અથવા તો કોઈ કોર્પસ આધારિત યોજના કે એન્ડોવમેન્ટ સ્થાપવા માટે તેમના બંધારણ હેઠળ અનુમતિ નથી. આવી ગેરસમજુતીને કારણે સમસ્ત મહાજન અત્યાર લગી કોઈ જ્ઞાતિસ્તરીય પ્રવૃતિ કે આયોજન કરી શક્યું નથી તે જેટલું કમનસીબ છે તેટલી જ ક્ષોભજનક એ હકીકત છે કે ટ્રસ્ટીઓને જાણે આસાન કારણ મળી ગયું છે કે ફંડના અભાવે એવા જ્ઞાતિ સ્તરીય આયોજન સમસ્ત મહાજન કરી


**આદ્યતંત્રીઓ**
**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 07/2015**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

શકતું નથી. અને લીધે, આવી સમગ્ર જ્ઞાતિને આવરી લેતી સંસ્થાએ છેલ્લા સાતેક વર્ષમાં વાર્ષિક કેલેન્ડર છપાવી તેની વહેંચણી કરવા સિવાય તેના દરજ્જાની અને મોભાને સુસંગત થાય તેવી કોઈ પ્રવૃત્તિ કરી શકી નથી કે નથી જ્ઞાતિમાં તેનો ઉપયુક્ત પ્રભાવ પાડી શકી.

સમય સમય પર સમસ્ત મહાજનના નેજા હેઠળ આગેવાનો અને જ્ઞાતિજનો મળતા રહે એ ઈચ્છનીય છે, તે એ વાતને પણ બંધારણનો હિસ્સો બનાવવાથી ઘણો લાભ થશે.

વસતિપત્રક સમિતિ જેવી લગભગ સરખું માળખું ધરાવતી સંસ્થા સ્વતંત્ર રીતે કામ કરે તે ઈચ્છનીય છે કે એ સમસ્ત મહાજનનો ભાગ હોય તે ઈચ્છનીય છે તે બધા પ્રશ્નોના ઉકેલ વગર તો સમસ્ત મહાજન પ્રતીકાત્મક પ્રવૃતિઓ કરીને પ્રતીકાત્મક હાજરી પુરાવ્યા કરશે અને વધુ મહત્વના કામ હાથમાં નહીં લઈ જઈ શકે. વળી, સમસ્ત મહાજનના માળખામાં યુવાનો અને મહિલાઓને પ્રતિનિધિત્વ આપવાના સમયોચિત સૂચન પર પણ ધ્યાન આપવાની જરૂર છે.

જ્યાં સુધી જ્ઞાતિની વધુ વસતિ જ્યાં રહેતી હોય તે વિસ્તારના મુંબઈ મહાજનની વ્યવસ્થાપક સમિતિનો સવાલ છે તેનો વિચાર કરીએ તો હાલ જે બંધારણીય સુધારો લાવવામાં આવ્યો તે પાછળ આ વ્યવસ્થાપક સમિતિની સભ્ય સંખ્યા બહુ હોવાથી તેના સભ્યોને આપસી પરિચય કેળવી ટીમ તરીકે કામ કરવાનું મુશ્કેલ પડે છે અને સરખા વિચારવાળાની પેનલ બનાવવામાં પણ તકલીફો પડે છે એ તકલીફો દૂર કરવાનો હેતુ હતો.

મુંબઈ મહાજનમાં તેના કાર્યક્ષેત્રમાં દરેક વિસ્તારનું પ્રતિનિધિત્વ હોય અને દરેક વિસ્તારમાંથી પણ દાનવીર - બુદ્ધિજીવી- યુવાન - મહિલા કાર્યકર્તા એમ દરેકને મહાજનની વ્યવસ્થાપક સમિતિમાં સ્થાન હોય તેવા વિચારો પણ જાહેરમાં વ્યક્ત થઈ ચુકયા છે. જોકે બંધારણીય સુધારણા ઈચ્છનારાઓએ

**રીઝર્વ બેંકની સૂચના અનુસાર બેંકના આગ્રહ પ્રમાણે નામ પ્રકાશ સમીક્ષા માટેના ચેકોમાં નામ C.D.O. Prakash Samiksha Samiti એમ લખવું જરૂરી છે.**

**અગત્યની સુચનાઓ**

● પ્રકાશ સમીક્ષાને ઈ - મેલથી જાહેરાત / સમાચાર / મેટર મોકલ્યા પછી તેની અમને આ નંબર પર SMS એસ.એમ.એસ. દ્વારા જાણ કરવા વિનંતી. જેથી તેની નોંધ લઈ શકાય. મોબાઈલ નં. 9004165192. આ નંબર ફક્ત SMS એસ.એમ.એસ. સ્વીકારવા માટે જ છે.

● સમાચાર/ જાહેરાત માટે મોકલેલ મેટર અંગે સહતંત્રી શ્રી ચંદ્રસેન મોમાયાનો સંપર્ક કરવો. મો. ન. 9324618606 અંકો ન મળવા અંગે તેમને ફોન નહીં કરવા વિનંતી.

Please Note : Whenever you send news / advertisement / matter by email, please do send your sms for the same to us on Mob. ; 9004165192. This number is for receiving sms only.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | આર્ટ પેપર કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 7,000/- | 4,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 4,000/- | 2250/- |
| પા પાનું | 77 x 111 mm | 2,500/- | 1250/- |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | આર્ટ પેપરની બેપાનાની જાહેરાત મળે તોજ | 700/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | | 350/- |

**ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા**

**સુચના :** જા.ખ. મેટર મોકલવા સાથે જા.ખ. બ્લેક/ વ્હાઈટ છે કે કલર છે, જા. ખ. ની સાઈઝ, જા. ખ. નું બીલીંગ નામ-સરનામું અને જરૂરી પેમેન્ટ સાથે મોકલવું અત્યંત આવશ્યક છે.

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

**કેડીઓ ક્લાસિક**
**સમાજ ઉત્કર્ષ નિધિ**

**KDO KLASSIK**
SAMAJ UTKARSH NIDHI

**MANAGED BY : KDO KLASSIK - MUMBAI** REGISTERED UNDER SOCIETIES REGISTRATION ACT. 1860 (REGN. NO. : 1374 OF 1998)

B/1403, 02 COMMERCIAL TOWER, MINERVA INDUSTRIAL ESTATE, TRIMURTI MARG, OPP. ASHA NAGAR
MULUND (WEST), MUMBAI - 400 080

PHONE : 2591 8217 • 2591 8220 | FAX : 2591 8212 | E-MAIL : kdoklassik.nidhi@gmail.com


# વીરાયતન - કચ્છમાં અભ્યાસની સ્કોલરશીપ

કર્મનિષ્ઠ અને ઉદાર દિલ સભાસદોના સહયોગ, જોશ અને જુસ્સાથી પ્રેરીત **"કેડીઓ ક્લાસિક"** તેની સમાજ ઉપયોગી સેવાઓ વિસ્તારતા ખુબજ ગર્વ અનુભવે છે. આપને જણાવતા હર્ષ થાય છે કે **"કેડીઓ ક્લાસિક"** હવે શિક્ષણ ક્ષેત્રે સેવા આપવાની નવી કેડી કંડારવાનું ઉમદા કાર્ય શરૂ કરે છે.

કચ્છ જીલ્લામાં વસતા આપણી જ્ઞાતિના બાળકોને ગામડાઓમાં પૂરતા શિક્ષણના અભાવે તથા શહેરોમાં અન્ય સમસ્યાઓના કારણે અધવચ્ચે શિક્ષણ છોડી દેવું પડે છે. આજના આ હાઈ-ટેક જમાનામાં ભણતર અને ડીગ્રી હશે તો જ યુવા પેઢી પોતાને અને પોતાના કુટુંબને ઉપર લાવી શકશે.

કચ્છ જીલ્લામાં ભુજ-માંડવી રોડ પર **"બઉંત્તેર જિનાલય"** ની નજદીક **"વીરાયતન વિદ્યાપીઠ"** આવેલ છે જેનો વહીવટ પૂજ્ય જૈન સાધ્વીજી મહારાજ કરે છે. **"વીરાયતન વિદ્યાપીઠ"** માં પ્રથમ ધોરણથી બારમા ધોરણ સુધી અને ત્યારબાદ **"વીરાયતન વિદ્યાપીઠ"** માં **"એન્જીનીયરીંગ કોલેજ" "કોમર્સ કોલેજ"** તથા **"ફાર્મસી કોલેજ"** નું સુશિક્ષણ આપવામાં આવે છે.

**"કેડીઓ ક્લાસિક"** પ્રથમ તબકડે કચ્છ જીલ્લામાં વસતા આપણી જ્ઞાતિના પાંચ બાળક / બાલિકાને પાંચમાં ધોરણથી બારમા ધોરણ સુધી **"વીરાયતન વિદ્યાપીઠ"** માં ભણવાની તથા ત્યાં જ રહેવા-જમવાની અને અન્ય જરૂરીયાતો પૂરી પાડવાની સંપૂર્ણ નાણાંકિય જબાબદારી સ્વીકારી એમને વિદ્યા દાન દઈ સુકૃત બનાવવાનો **"વિદ્યા અભિયાન"** જુન, ૨૦૧૫ થી શરૂ કરશે.

કચ્છ જીલ્લામાં વસતા અને આ વર્ષે ચોથા ધોરણમાં અભ્યાસ કરી રહેલ આપણી જ્ઞાતિના બાળક અથવા બાલિકાના વાલીઓ **"કેડીઓ ક્લાસિક"** ના આ **"વિદ્યા અભિયાન"** નો લાભ લેવા ઇચ્છતા હોય તો

૧. બાળક / બાલિકાનું પુરૂં નામ ( બાળક - પિતા - દાદાના નામ તથા મૂળ અટક)
૨. કચ્છમા મૂળ ગામ
૩. કચ્છમાં હાલ વસવાટ કરતા હો તેનું સરનામું(પીન કોડ સાથે)
૪. બાળક / બાલિકાની જન્મ તારીખ
૫. હાલ ક્યા ધોરણમાં ભણે છે તથા
૬. કુટુંબનો વ્યવસાય શું છે ?

તેની સંપૂર્ણ વિગત લખી ઉપરના સરનામે ૩૧ મી માર્ચ ૨૦૧૫ સુધી મોકલી આપવા ભલામણ છે.

એપ્રિલ, ૨૦૧૫ માં **"કેડીઓ ક્લાસિક"** ના હોદેદારો આવેલ અરજીઓ પર વિચારણા કરી પાંચ બાળક/ બાલિકાને પસંદ કરી અરજી કરેલ સર્વ કુટુંબોને જાણ કરશે. **"કેડીઓ ક્લાસિક"** ના હોદેદારોએ નક્કી કરેલ પાંચ નામો અંગે કોઈ ખુલાસો કરવામાં આવશે નહિ.


| HIRACHAND D. DAND | MINAL B. KHONA | SARSWATII J. LAPSIAA | CHANDRIKA C. LODAYA | CHAMPSI D. HEFFA |
|---|---|---|---|---|
| PRESIDENT | VOIE-PRESIDENT | HON. SECRETARY | HON. JT. SECRETARY | HON. TREASURER |

તાજેતરની ઉક્ત સામાન્ય સભા જ્ઞાતિજનો કેવા કેવા પ્રકારના સુધારા - વધારા ઈચ્છે છે તે બાબત સભ્ય પાસે પૂરી રજુઆત નહોતી કરી. તેમને તો ઓછા લોકો આવે અને પોતે મહાજનની મંજૂરી મેળવી લીધી એવો દેખાવ કરવા અંગે જ મતલબ હતો.

જ્યાં સુધી અનંતનાથ ટ્રસ્ટનો સવાલ છે તેનો વિચાર કરીએ તો એક મુદ્દે જે વારંવાર ટકોર થતી રહી છે એ છે કે અનંતનાથ જિનાલય જ્યાં છે એ મસ્જિદ બંદર વિસ્તારને પહેલાં ટ્રસ્ટબોર્ડમાં થોડું ઘણું પણ પ્રતિનિધિત્વ મળતું હતું હવે એ સાવ જ પ્રતિનિધિત્વ વગરનું બની ગયું છે. એ વાત જ્યારે અનંતનાથજી જિનાલય કે મસ્જિદ બંદર - માંડવી વિસ્તારની કોઈ મિલકત મકાન અંગે વ્યવહારિક સમસ્યા થાય ત્યારે ટ્રસ્ટબોર્ડમાંથી ત્યાં કોઈ સ્થાનિક ટ્રસ્ટી નિર્ણય લેનાર જ ન હોય એવી સ્થિતિ પેદા કરી શકે છે.

એમ તો ચુંટણી વખતે એક પેનલે મસ્જિદ બંદર - ઘાટકોપર - ભાંડુપ તેમજ કૂમઠા, કચ્છ માંડવી એવા અનંતનાથજી ટ્રસ્ટના વહીવટ હેઠળના દેરાસરોમાંથી પ્રથમ ત્રણને સ્વતંત્ર ટ્રસ્ટ હસ્તક મૂકવા તથા છેલ્લા બેને અનુક્રમે હુબલી - ગદગ અને કચ્છ એકમને હસ્તક કરવા એવા વિચાર રજુ કર્યા હતા. અલબત્ત, જ્ઞાતિના વિચારશીલ લોકોએ પણ એ બાબતનો ગંભીરતાતી નથી લીધી.

આટલી ભૂમિકા પછી બંધારણીય સુધારા કરવાની કાર્યપદ્ધતિ અંગે વિચારવું યોગ્ય ગણાશે:

પ્રથમ તબક્કામાં જ્ઞાતિજનોનાં સૂચનો મંગાવાય, બીજા તબક્કામાં એ સૂચનો જ્ઞાતિપત્રો દ્વારા ચર્ચાય, ત્રીજા તબક્કામાં આવી રીતે રજૂ થયેલ વિચારોમાંથી સૌથી વધુ પસંદ થયેલા કે યોગ્ય ગણાયેલા વિચારો અને કાનૂની જરૂરતોનું ધ્યાન રાખી કાચો મુસદો તૈયાર કરનાર સમિતિ રચાય, ચોથા તબક્કામાં એ કાચો મુસદો રજુથાય, પાંચમાં તબક્કામાં એ જ્ઞાતિપત્રો દ્વારા ચર્ચાય, છઠ્ઠા તબક્કામાં કાચો મુસદો તૈયાર કરનાર સમિતિ તેનું અંતિમ સ્વરૂપ તૈયાર કરે અને સાતમા તબક્કે તે ઓછી મૂશ્કેલીથી અને બહોળા સહભાગથી મુંબઈ મહાજનની સામાન્ય સભામાં સહમતી મેળવાય અને છેવટે નામદાર મુંબઈ હાઈકોર્ટ, જેણે અનંતનાથજી ટ્રસ્ટની મિલકતોના વહીવટ અંગેની સ્કીમ ૧૯૪૫ (આજથી ૭૦ વર્ષ પેહલાં) ઘડી હતી તેની અને ચેરીટી કમીશ્નર પાસેથી વિધિવત મંજુરી મેળવાય એ પ્રમાણે કાર્યવાહી થવી જરૂરી બને છે.

જોકે સમસ્ત મહાજનના બંધારણની બાબતમાં તેના સેક્રેટરી જનરલ અને મેનેજીંગ ટ્રસ્ટીઓ જ મુસદો તૈયાર કરે, ટ્રસ્ટબોર્ડ અને પછી મહાસમિતિ પાસે મંજૂર કરાવી તે પર જાહેર ચર્ચા કરાવીને તેને અંતિમ સ્વરૂપ અપાવી સંમેલનમાં પસાર કરાવે એ ઈચ્છનીય છે.

વધુમાં આટલું કર્યા સિવાય સંમેલન બોલાવવાનો પણ કોઈ મતલબ નથી એ વાત ધ્યાનમાં રાખી કામ થવું જોઈએ. વળી, વર્તમાન મહાસમિતિ - ટ્રસ્ટબોર્ડ તેમજ મેનેજીંગ ટ્રસ્ટીઓ - સેક્રેટરી જનરલની મુદત પૂરી થવામાં છે એ જોતાં નવી મહાસમિતિ - ટ્રસ્ટબોર્ડ મેનેજીંગ ટ્રસ્ટી - સેક્રેટરી જનરલ જો એ હોદા નવા બંધારણ પ્રમાણે હોય તો જ ભરાય અથવા નવી જ સંરચના અસ્તિત્વમાં આવે એ સૈધ્ધાંતિક જ નહીં વ્યવહારિક જરૂરત છે.

વધુમાં આ બધી બાબતો માત્ર જ્ઞાતિ સ્તરે જ અંતિમ સ્વરૂપ પામવાની નથી એ ચેરીટી કમીશ્નર પાસે જ અંતિમ સ્વરૂપ પામશે એ વાત પણ ધ્યાનમાં ખવી રહી.

છેલ્લા દસ વર્ષમાં અવારનવાર બંધારણીય સુધારા - વધારા જરૂરી છે એવી વાતો થતી રહી છે પણ એ બાબત પૂરતી ગંભીરતા દાખવવામાં આવી નથી. સમસ્ત મહાજનની બાબતમાં આવનારા એકાદ વર્ષમાં તેમજ મુંબઈ મહાજનની વ્યવસ્થાપક સમિતિ અનો અનંતનાથજી ટ્રસ્ટની બાબતમાં પણ એકાદ - દોઢ વર્ષમાં આ બાબત નક્કર કામ થાય એ માત્ર ઈચ્છનીય જ નહીં આવનારા સમયના પડકારો ઝીલવા જરૂરી પણ છે.

**- ચંદ્રસેન મોમાયા**

RAJSHREE YOGA & FAT FREE ZONE ®

Weight Management & Yoga Center

Since 1994

૨૦ કિલો કે તેથી વધુ વજન ઉતારવુ હોય તો લોકો સર્જરી કરાવે છે. જેમાં લાખોનો ખર્ચ પછી હંમેશા ડાયેટ અને છતાં પણ જોઇતો શેપ આવવાનું નક્કી નહીં.

ગમેતે ઉંમર હોય, ગમે તે બિમારી હોય, ગમે તેટલું વજન ઓછા ખર્ચે, ટૂંક સમયમાં ઘટાડીને પરફેક્ટ શેપ જોઇતો હોયતો **રાજશ્રી યોગા અને ફેટ ફ્રી ઝોનમાં** જ શક્ય છે.



પહેલાં



પછી

**નામ નહીં કામ બોલે છે**

**મહેક શૈલેષ સોની**

ઉં. વ. ૧૩

પહેલા વજન ૮૪ kg.

પછી વજન ૫૩ kg.

૫ મહીનામા

**ટોટલ ૩૧ કિલો ઉતર્યા**

**ટોટલ ૧૫૩ ઇંચ ઉતર્યા**



પહેલાં



પછી

"હું જાડી હતી ત્યારે મનેજ ગમતી નહીં ૩ અટ્ઠાઇ કર્યા પછી પણ આવીજ રહી. હું ગ્રુપમાં સૌથી જાડી હતી. બધા મારી પાછળ મારી મજાક ઉડાવતા. પરંતુ રાજશ્રી યોગામાં આવીને મારી બધી તકલીફો દૂર થઇ ગઇ. મારી પર્સનાલીટી જ નહીં મારી જીંદગીનો અર્થ જ બદલાઇ ગયો. મને ક્યારેય નથી લાગ્યું કે હું વજન ઉતારવાનો કોર્સ કે ડાયેટ કરી રહી છું. મે દરેકે દરેક સેશન માણ્યા છે. મનેજ ખબર પણ ન પડી કે ધીરે ધીરે કેવી રીતે હું સુંદર શેપમાં મોલ્ડ થઇ ગઇ. મારા કપડાની સાઇઝ XXL માંથી (S) સ્મોલ થઇ ગઇ અને મારી ચપ્પલ ની સાઇજ પણ બદલાઇ ગઇ"

લોકોને ૫ કિલો વજન ઉતારવું પણ મુશ્કેલ લાગતું હોય છે. પરંતુ મહેકે સ્કુલના બીઝી શેડયુલ માંથી સમય કાઢીને હસતાં હસતાં આત્મવિશ્વાસથી ૩૧ કિલો વજન ઘટાડીને એની ઉંમરનાઓ માટે તંદુરસ્તીનો મહેકતો મેસેજ આપવા બદલ અભિનંદન.

માત્ર દેખાવજ નહીં પણ જીંદગીના દરેક ક્ષેત્રે સુંદર અને સફળ રહે તેવી શુભેચ્છા.

Ph:- 93233 33303, 93218 99909, 24104142

**ખાસ નોંધ : અમારા કોઇ આસીસ્ટન્ટ, આમારા દ્વારા તાલીમ લીધેલ કોઇ વ્યક્તિ કે કયાંય બ્રાન્ચ કે ફ્રેન્ચાઇઝી નથી.**
**મેડીકલ ડૉક્ટરનું માર્ગદર્શન ઉપલબ્ધ. એપોઇન્ટમેન્ટ લેવી જરૂરી.**

૫, ધન બીલ્ડીંગ, પહેલે માળે , દાદા સાહેબ ફાલકે રોડ, ગાડગે મહારાજ સેનેટોરિયમની સામે ભરતક્ષેત્રની ગલી માં, દાદર (ઇ), મુંબઇ -૪૦૦૦૧૪

વેબસાઇટ : www.rajshreeyoga.com E-mail : rajshreeyoga@gmail.com

## જન્મ દિવસની શ્રધ્ધાંજલિ ધૂપસળીયે



જન્મ :
તા. ૧૫.૦૨.૧૯૪૬

અરિહંત શરણ :
તા. ૧.૧૧.૨૦૧૪

### સ્વ. શ્રી ભા હિરાચંદ અરજણ પટેલ (લોડાયા)

ગામ : કચ્છ - બાંઢીયા     હાલ : ઐરોલી

### આપે પરિવાર અને જ્ઞાતિજનો માટે સેવાભાવે
### આંતર સમૃધ્ધિથી છલોછલ છલકી સમાજ જીવનના અનેક ક્ષેત્રે ઉજાશ પાથર્યો.

આપના સુલક્ષણા અને કામોઢા હસ્તે થયેલ અનેક સુકાર્યો અને સંસ્મરણોની સુગંધિત પુષ્પમાળા નજર સમક્ષ મહેકીને અમને આપનો સંદેશ આપે છે.

આપની વિદાયે અમ આનંદ અને 'લહેર'ના દરિયામાં 'નિલોફર' નું જબ્બર વાવાઝોડું આવ્યું છે. અરજણ બાપા ને મેઘબાઈ માની કુખે અમને એક અમુલ્ય ''હિરો'' સાંપડયો હતો. ''વીરા'' એનો તેજ પ્રકાશ અને કિમંત અમ હૈયે છેજ પણ ''વીરા'' એ ''હીરો'' નથી હાથમાં.

ઓહ ''વીરા'' જન્મ દિવસે આનંદ ક્યાં! વિદાયની વેદના છે. પ્રભુ આપના આત્માને શીઘ્રાતિ શીઘ્ર પંચમગતિમાં સ્થાન આપે એવી અવિનાશને અરજી,

જન્મ દિવસે જખમની કલમે...

બહેનો : સ્વ. મીઠીબાઈ વિરચંદ પટેલ (તેરા - મુર્તિજાપુર)
સ્વ. જવેરીબાઈ ભવાનજી દંડ (છાડુરા - માટુંગા)
ગં. સ્વ. લખમીબાઈ લક્ષ્મીચંદ દંડ (તેરા - વિઠ્ઠલવાડી)
સ્વ. લીલબાઈ મુલચંદ છેડા (સુજાપુર - નાંદેડ)
સ્વ. દેવકુવરબાઈ વિશનજી મેપાણી (પરજાઉ - મુલુંડ)
ગં. સ્વ. નવલબેન હિરાચંદ મૈશેરી (સાંધાણ - ભાંડુપ)

ભાઈશ્રી : સ્વ. કાંતીલાલ અરજણ પટેલ (બાંઢીયા - ડોંબિવલી)

### તેમજ આપની યાદમાં શોકમગ્ન

પત્ની : હંસા

પુત્રો : નિલેશ - તુપ્તિ

પુત્ર વધુઓ : નિપેશ - વંદના • શૈલેશ - રૂપલ

પૌત્રી : જીનેશા • પૌત્ર: પ્રિતેશ

## જૈન - આહાર બાબત લઘુમતી, ભાગ-૧ - સામાન્ય ચર્ચા

**પ્રવીણચંદ્ર શામજી ધરમશી કોઠારા - સુરત 09978903247**

છેલ્લા કેટલાક મહિનાઓમાં કેન્દ્રીય સરકારે જૈનોને લઘુમતી કોમનો દરજ્જો અપ્યો ત્યારે ઘણા સેમિનાર, ચર્ચાઓ તથા સભાઓ થઈ જેમાં જૈનોને આ લઘુમતીના દરજ્જા પ્રાપ્તિથી થતા લાભો બાબત છણાવટો થઈ. સરકારે જૈનોને તેમની સમગ્ર ભારતમાં એક ટકા કરતાં પણ ઓછી સંખ્યાને ધ્યાનમાં લઈને આ લઘુમતી કોમનો દરજ્જો આપ્યો. માત્ર વસતીની સંખ્યા નહીં પણ આહાર બાબત પણ આપણે જૈનો લઘુમતી કે અલ્પસંખ્યક છીએ આ બાબતને ઉજાગર કરતી કેટલીક વિગતો તથા પ્રસંગો જે મારી જાણમાં છે તે પ્રસ્તુત છે.

સમગ્ર વિશ્વમાં બટાટા, બટાકા કે આલુ, કાંદા, ડુંગળી (ડુંગરી) કે પ્યાજ અને લસણ એ સૌથી વધારે પ્રમાણમાં વપરાતા શાક છે જે શાકાહારી તેમજ માંસાહારી મનુષ્યોના પ્રિય શાક છે. સમગ્ર વિશ્વમાં આ શાક બધી જગ્યાએ મળે છે તે ઉપરાંત અન્ય લીલા શાકભાજી કે મોસમીય શાકભાજી કરતાં સસ્તા હોવાથી તથા આખા વર્ષમાં ગમે ત્યારે મળતા હોવાથી લોકપ્રિય હોઈ શકે. તે ઉપરાંત અન્ય કોઈ પણ લીલા શાકભાજી કે કઠોળ સાથે પણ આ ત્રણે શાકનું મિશ્રણ પણ લોકપ્રિય છે. સ્વાદ બાબતમાં પણ ત્રણે વખણાય છે, તેથી




**શ્રી ભલારાદાદા એસ્ટેટ એજેન્સી ગ્રુપ (પરિવાર)**

સન સીટી-૧, સનસીટી-૨ ના સર્વે નંબર ૨૮૯, સર્વે નંબર ૨૯૬ બીન ખેતી (નોન એગ્રીકલચર) થઈ ગયા છે.

બાકી રહેતા સભ્યો પોતાના વ્યવહાર સાથે રજી ખર્ચ આપી પોતાના પ્રતિનિધિ પાસે દસ્તાવેઝ ફોર્મ ભરી, ફોટો, આધાર, પુરાવા ઝેરોક્ષ, સાટા કરાર અથવા ફુલપેમેન્ટ થયાનો લેટર તુરંત પ્રતિનિધી બંધુઓને પહોંચાડવા નમ્ર વિનંતી. જેથી આગળની કાર્યવાહી થઈ શકે.

એજ લી. સન.ડેવલોપર્સના ઓથોરાઈઝ બુકીંગ એજન્ટ **શ્રી ભલારા દાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ પરિવાર** (ગાંધીધામ-કચ્છ).

**લબ્ધિ કુમાર મોમાયા : 09825351001**



**લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ**

**અવસર સાડીઝ**

- સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
- રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ.

૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, અરોમા હોટેલની સામે, દાદર (ઈ), મુંબઈ-૧૪.ટે.૨૪૧૬૪૨૩૯

સંપર્કઃ દિનેશ દેઢિયા 92234 25676



**પરબ શક્તિ સંજીવની સોસાયટી દ્વારા આયોજીત લખલક્ષ્મી લુઠિયા જન સહાયક ફંડ દ્વારા પ્રેરિત**

**રાહત દરે અનાજ તથા મસાલાનું વેચાણ**

**તા. ૧૯.૦૩.૨૦૧૫ ગુરૂવાર**
**તા. ૨૦.૦૩.૨૦૧૫ શુક્રવાર**

**સ્થળ : પરમ કેશવબાગ, નવરોજી લેન, ઘાટકોપર (વે)**

**સમય : સવારના ૧૦ થી સાંજે ૭ સુધી**

સ્ટોલ રાખવા ઈચ્છુક મહિલાઓને નીચે આપેલ નંબર પર પરબના સભ્યોનો સંપર્ક કરવા વિનંતીઃ

**કાશ્મીરાબેનઃ 9821675772,**
**દમયંતીબેનઃ 9821913887,**
**પુષ્પાબેન : 9322262521,**
**પારુલ : 9322280529**

**(માલની ખરીદી માટે થેલીઓ સાથે લાવવી જરૂરી છે)**

**હેલ્થ ચેકઅપ સુવિધાઃ પરબ સંસ્થા દ્વારા જ્યુપીટર હોસ્પીટલ થાણામાં રાહત દરે હેલ્થ ચેકઅપ પેકેજ ચલાવવામાં આવે છે. વધુ વિગત માટે સંપર્ક (જયશ્રી દંડ - 9892215560)** (સાંજના ૪ થી ૭ વાગ્યા દરમ્યાન જ ફોન કરવા વીનંતી).

સમગ્ર વિશ્વમાં લોકપ્રિય હોઈ શકે. કાંદાને ગરીબોની કસ્તુરી કહેવામાં આવે છે !

મોટા ભાગના હિન્દુઓ જ્યારે વ્રત - ઉપવાસ કરે ત્યારે બટાટાની વાનગીઓ ફળાહાર કે ફરાળ તરીકે વાપરે છે. અન્ય ધર્મોમાં સ્વામીનારાયણ સંપ્રદાયી ચૂસ્ત ભક્તો કાંદા કે લસણ અને માંસાહારી ભોજન નથી લેતા, તેઓ પણ બટાટાને વર્જય નથી ગણાતા. જયારે જૈનો અંજીર જેવા સુકામેવાને કે અન્ય લોકપ્રિય શાક રીંગણા (રીંગણ) કે રવૈયા ને બહુબીજ માનીને અભક્ષ્ય માને છે. તેમજ અન્ય લોકપ્રિય શાક ફુલ-ગોબી (ફુલેવર) ને પણ વર્જય માને છે. સમગ્ર વિશ્વમાં ગાજર, મૂળા કે બીટ. સૌથી લોકપ્રિય 'સલાડ' છે તેને પણ કંદમૂળ હોવાથી ચૂસ્ત જૈનો વાપરતા. નથી. મધ કે છાસમાંથી કાઢીને રાખેલું સફેદ માખણ પણ ચૂસ્ત જૈનો નથી વાપરતા. તે ઉપરાંત કઠોળ સાથે છાસ કે દહીંનું મિશ્રણ પણ દ્વિદળ માનીને ઘણા જૈનો નથી વાપરતા.

આદ્રા નક્ષત્ર પછી કેરીનો ત્યાગ અને સૂર્યાસ્ત પછી ભોજન ન કરવાની જૈનોની પ્રથા છે. આમ ભોજન ભોજનમાં કયા પદાર્થ ભેળવી શકાય તે બાબત કે ક્યારે શું ખાવું તે બાબતમાં જૈનોની આચાર સંહિત ખૂબ જ વિશાળ છે. આ ઉપરાંત અમૂક તિથી પર જેમ કે આઠમ કે પૂનમ પર લીલોતરીનો ત્યાગ પણ જૈનોની આચાર સંહિતામાં છે, આ તો માત્ર ઉદાહરણો છે.

ઈસ્લામ ધર્મમાં 'રોજા' એ કઠોર તપસ્યા માનવામાં આવે છે જેમાં સુર્યોદયથી સુર્યાસ્ત સુધીના સમયમાં કશું પણ ખાવું કે પીવું એ વર્જીત છે. ઘણી બધી ફિલ્મોમાં રોજાની ઋત્તાના ગીતો પણ લોકપ્રિય છે. આની સામે જૈનોના ઉપવાસ તો ખુબ જ કઠીન લાગે. કેટલાક શ્રાવક, શ્રાવિકાઓ કે સાધુ સંતો અઠમ્, અઠ્ઠાઈ કે માસક્ષમણ જેટલી કઠોર તપસ્યાઓ કરે છે તો કોઈ જૈન સંત (કદાચ સહજ મુનિ) એ તો આખા વર્ષની ઉપવાસની ઉગ્ર તપસ્યા પણ કરી છે.

ઉપવાસ ઉપરાંત આયંબિલની તપસ્યા પણ આહાર અધારિત છે. જૈન ધર્મ અહિંસા અને ત્યાગના આધાર પર રચાયેલો છે તેથી સ્વાદનો ત્યાગ પણ આપણી જૈનોની આહાર અને આચાર સંહિતાનો ભાગ છે. તે ઉપરાંત વૈજ્ઞાનિક દ્રષ્ટિએ આરોગ્ય માટે પણ આ પ્રકારની આચારસંહિતા કે આહારસંહિતા લાભદાયક છે, તેમ માનવામાં આવે છે. ઉણોદરી એટલે કે પેટ ભરાય તે કરતાં થોડું ઓછું ખાવું તે પણ જૈનોના આહારની વિશેષતા કે આચાર સંહિતા છે. એઠું ન મૂકવું કે થાળી ધોઈને પી જવી એ એક અન્ય પ્રથા પણ કેટલાક જૈનો પાળે છે.

**પ્રથમ પુણ્યતિથીએ**
**ભાવભીની સ્મરણાંજલિ**



**અ.સૌ. નિર્મલા પાશ્વીર ગાંગજી ધરમશી**
**ગામ : રંગપુર હાલ : ઔરંગાબાદ**
**જન્મ : ૦૬.૦૩.૧૯૪૫**
**અરિહંત શરણ : તા. ૧૯.૦૨.૨૦૧૪**

*નિર્મલ જીવનમાં સાક્ષાત તીર્થ સ્વરૂપ,*
*જગત જનની 'મા' નું સ્થાન અમર રહેશે,*
*જીવન એવું જીવી ગયા જે કદી ભુલાશે નહીં,*
*વિદાય એવી લીધી જે કદી વિસરાશે નહીં,*
*સ્નેહના સાગર હતા તમે, અમીરસ અમે પીધા,*
*સમર્પિત બનીને તમે, અમ સૌના જતન કીધા,*
*આંખો હજુ નિહાળે છે, તમને,*
*અંતર હજુ પોકારે છે તમને,*
*સ્મરણ તમારૂં થાય છે અમને,*
*મને મુકીને રડાવે છે અમને.*

**"સ્મરણની સુવાસ, તમે સદા મહેંકશો,**
**આત્મીયતાનો ઉજાસ, અમારી આસપાસ"**

હર પળ આપને યાદ કરનારા આપના સ્વજનો
**જીવનસાથી : શ્રી પાશ્વીર ગાંગજી ધરમશી**
**સાસુ - સસરા : સ્વ. મુરબાઈ ગાંગજી ગોવિંદજી ધરમશી (રંગપુર)**
**માતા - પિતા : ભચ્ચીબાઈ પોપટલાલ ધરમશી લોડાયા**
**પુત્ર - પુત્રવધુ : અ. સૌ. ડિંપલ નિકુંજ પાશ્વીર ધરમશી**
**પુત્રી - જમાઈ : અ. સૌ. પારૂલ કિશોર મણિલાલ ધુલ્લા**
**અ.સૌ. પ્રજ્ઞા જગદિશ જેતશી લોડાયા**
**દોહિત્રી - દોહિત્રા : અ.સૌ. ઈશિતા પિયુશ નરેન્દ્ર દંડ, નિશીતા, તન્વી, અંકિત, ડિમ્પેશ.**

માત્ર ભારતમાં જ આપણે જૈનો એક ટકા કરતાં ઓછી સંખ્યામાં છીએ તેથી સમગ્ર વિશ્વમાં તો ન ગણ્ય હોઈ શકીએ. પણ સંસારમાં રહીને આપણે અન્ય નવાણું ટકા કરતાં વધારે લોકો સાથે ધંધા રોજગાર, દોસ્તી કે વ્યવહાર નીભાવવો પડે છે. તેથી એક ચૂસ્ત જૈનને સંસારમાં રહીને જૈન ધર્મ પાળવો એ કદાચ સંન્યાસ લેવા કરતાં પણ વધારે કઠીન લાગે.

જૈન માત્ર અન્ય જૈન સાથે જ રોટી-બેટીનો વ્યવહાર રાખે તે આજના જમાનામાં બહુ જ મુશ્કેલ થતું જાય છે. પહેલાં હોટલો શાકાહારી અને માસાંહારી એમ બે પ્રકારની જ હતી પણ હવે શાકાહારી હોટલોએ પણ જોરશોરથી જાહેરાતો કરવી પડે છે કે જૈન ભોજન પણ મળશે.

હું ચારેક જૈન સંસ્થાઓ સાથે સક્રિય રીતે સંકળાયેલો હતો તેથી કોઈ વાર કોઈ કાર્યક્રમમાં ભોજન બાબત થોડી વિવાદાસ્પદ સ્થિતિ પણ ઊભી થઈ જાય. રસોઈયા, કેટરર્સ કે હોટલવાળા પણ કહે કે તમારા જૈનાના ભોજન માટે અમારે બહુ કડાકુટ કરવી પડે છે. અમૂક તિથી હોય તો લીલોતરી ના ચાલે, ઉંધિયામાં પાપડી છોલેલી ન હતી કે રાત્રીના આથવેલા આથાની વાનગી હતી વગેરે.

સ્થાને આપણી જ્ઞાતિમાં થોડા જ મહિના પહેલાં અનંતછાયા દેરાસરની ચલ પ્રતિષ્ઠા પ્રસંગે સાંજના જમણમાં કાંદા, બટાટા જેવા અજૈન અહારની વાનગી હતી તેવા પ્રકારની ટીકા કે નોંધ કોઈ જ્ઞાતિ મુખપત્રમાં હતી. જેનો બીજા જ અંકમાં જાહેર ખુલાસો હતો કે આ કાંદા, બટાટા જ્ઞાતિના ભોજનમાં નહીં પણ અનંતછાયાના કોઈ રહેવાસીએ પોતાના વ્યક્તિગત ભોજન સમારંભમાં પીરસવામાં આવેલ.

કેટલાક સામૂહિક પ્રસંગોમાં જેમ કે પોથી પધરાવે ત્યારે કે પારણું પધરાવે ત્યારે રાત્રી ભોજન કે રાત્રી અલ્પહાર ટાળવું લગભગ અશક્ય બને છે. મારી પરિચિત બે જૈન સંસ્થાઓ જૈન સોશિયલ ગ્રુપ અને જૈન જાગૃતિ ગ્રુપમાં જ્યારે પણ જૈનોની સામાચારીનો ભોજન બાબત અનાદર થાય ત્યારે તે ગ્રુપના પ્રમુખે ઉપવાસ કરીને પ્રાયશ્ચિત કરવાની પ્રથા છે. સુરતમાં બે એક મારવાડી રસોયાઓ છે જેઓ જૈન સંસ્થાઓ સાથે વર્ષોથી સંકળાયેલા હોવાથી જૈન ભોજન બાબતે નિષ્ણાત માનવામાં આવે છે અને તેમના ‘ચાર્જીસ’ પણ સ્પેશિયાલીસ્ટ ડોક્ટરની માફક વધારે છે.

અંતમાં, એટલું કહી શકાય કે આહારસંહિતા બાબત જૈન ધર્મ જગતનો સૌથી વધારે કઠીન ધર્મ છે. (ક્રમશઃ)


શ્રી શાંતિનાથાય નમો નમઃ

**શ્રી સાંધવ ગામે દંડ પરિવારના દેશરમાં, સચ્ચામાં, ચાયણમાતા ને નમતા સર્વે ભાવિકોને**
**પ્રતિષ્ઠા મહોત્સવે**
**સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ**

સાંધવ ગામે દંડ પરિવારના માતાજીના સ્થાને દેશરમાં, સચ્ચામાં, ચાયણ માતાજી ની નવી ફરઈયું નો પ્રતિષ્ઠા મહોત્સવ ચૈત્ર સુદ - ૧૩ ને તા. ૨.૪.૧૫ ગુરુવારના સવારના ૬.૩૦ કલાકે રાખવામાં આવેલ છે. તા. ૧.૪.૨૦૧૫ સુધી સાંધવ આવવાનું રહેશે. તમો કેટલાજણા પધારશો એની આગળથી જાણ કરવા વિનંતી.

**લિ. સાંધવ દંડ પરિવાર વતી**

રાયચંદ દંડ, જેઠાલાલ દંડ, મહેશ દંડ, મુકેશ દંડ, રાજેશ દંડ ના જય માતાજી

રાજેશ દંડ, 09321129696,
મુકેશ દંડ 09426801433,
જેઠાલાલ દંડ 09979798474



**ઝવેરી બજારની**

**જ્યોતિ**

હવે માટુંગા (સેન્ટ્રલ રેલ્વે) માં પણ...

**ફેશનપ્રિય સન્નારીઓ**
**લગ્નસરાની સાડીઓમાં વર્ષોથી પ્રખ્યાત**
**જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ**
**માટુંગા (સેન્ટ્રલ રેલ્વે) ની**
**મુલાકાત જરૂર લો.**

• ઘરચોળા • બાંધણી • પાનેતર • બોર્ડરો
રીયલ તથા ટેસ્ટેડ સાડીઓ તેમજ ચણીયા
ચોલીની લેટેસ્ટ વેરાયટીઝ માટે પધારશો

૨૮, ગની મેન્સન, દુકાન નં-૧, અરોરા સિનેમાની પાછળ, માટુંગા (સે.રે), કિંગ સર્કલ, મુંબઈ - ૧૯ ફોન 24043995

૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરી બજાર, ખારાકુવા સામે, મુંબઈ - ૦૨ ટેલી : 22413995/22402786

## તાણ સહન કરીને સર્જન કરે એ સ્ત્રીની સાચી શક્તિ

વનિતા



વિશ્વ

**(કોલકાતાના મારવાડી પરિવારમાં જન્મેલાં રક્ષા ભરડિયાનું શિક્ષણ કોલકાતામાં જ થયું. પણ મેરેજ પછી એ અમદાવાદમાં સ્થાયી થયાં છે. અંગ્રેજીમાં આજે નોન - ફિકશન લખનારા યંગ લેખકોમાં રક્ષા ભરડિયા લોકપ્રિય નામ છે. એમનાં ત્રણ પુસ્તક પ્રકાશિત થયાં છે. ઉપરાંત અત્યંત લોકપ્રિય નીવડેલી ચિકન સૂપ સ્ટોરીઝનાં ૧૪ ટાઈટલ્સ એમણે સંપાદિત કર્યાં છે. ઉત્તમ વક્તા હોવાની સાથે એ સારાં કથક ડાન્સર છે અને અનેક સ્કૂલમાં પરેન્ટિંગને લગતી વર્કશોપ્સ પણ નિયમિત યોજે છે. માનવીય સંવેદનાઓને ઢંઢોળનારી વાતો દ્વારા યુવાન વાચકોનો પ્રેમ સંપાદિત કરનારાં રક્ષા ભરડિયા હ્યુમન સ્ટોરીઝ માટે જાણીતાં છે. અહીં એ પોતાનું ભાવજગત ખોલે છે.)**

હું મહાભારત અને રામાયણ જેવાં મહાકાવ્ય સાંભળી - વાંચીને મોટી થઈ છું. મને લોખંડી જ્ઞાનતંતુઓ ધરાવતી કુંતી, પ્રતિબદ્ધ ગાંધારી અને ગૌરવશાળી દ્રૌપદીનાં પાત્ર બહુ જ આકર્ષતાં, કોલકાતામાં ઊછરી હોવાને કારણે મેં શક્તિ રૂપી કાલીમાતા, વિદ્યાદેવી સરસ્વતી તથા અજેય દુર્ગામાતાને પૂજાતાં જોયાં છે. ઉપરાંત, પુરુષોના આધિપત્યવાળા સમાજમાં સ્ત્રીશક્તિની વાત કરતી મહાશ્વેતાદેવી અને નબનીતા દેવ સેન જેવી મહિલા લેખિકાઓથી પણ હું પરિચિત છું. આ સિવાય સત્યજિત રે, રવિન્દ્રનાથ ટાગોર, ઋત્વિક ઘટક અને મૃણાલ સેન જેવી હસ્તીઓનાં સાહિત્ય અને ફિલ્મમાં મેં સ્ત્રીશક્તિનું નિરૂપણ જોયું છે.

કોલકાતામાં રોજબરોજની જિંદગીમાં પુરુષની જેમ જ નિર્ણય લેતી હોય એવી શિક્ષિત તથા ખરા અર્થમાં સ્વતંત્ર સ્ત્રીઓને પણ મેં જોઈ છે. વળી, ઘણી સ્કુલમાં મેં શિક્ષણમાં છોકરાઓને મહાત કરતી છોકરીઓને પણ જોઈ છે. આંતરકોલેજ વક્તૃત્વ તથા ડિબેટ સ્પર્ધાઓમાં તો મેં છોકરીઓને ખરેખર છોકરાઓ કરતાં સારો દેખાવ કરતાં જોઈ છે. લગભગ ૨૧ વર્ષ મેં કોલકાતામાં ગાળ્યાં છે અને એ ગાળામાં મેં લોકોમાં સ્ત્રીઓ માટે આદર જોયો છે. ઘણી સ્ત્રીને પુરુષોની જેમ કાર્લ માકર્સ, સામ્યવાદ તથા ફિલસુફીની ચર્ચા કરતી પણ મેં જોઈ છે.

હું બહુ નાની હતી ત્યારે મારી માતાએ મને કહ્યું હતું: છોકરાઓ કરતાં છોકરીઓ બહુ નાની


॥શ્રી ચંદ્રપ્રભ સ્વામી નમઃ॥

**પધારો પધારો ડોંબિવલી નગર શ્રી સિધ્ધચક્ર મહાપુજન**

**નલીયાવાસી આયોજીત મુંબઈના પ્રથમ વખત મહાપૂજન**

**તાઃ ૦૧.૦૩.૧૫ રવિવાર બપોરના ૧૨.૩૯ ના શુભ મુહુર્તે**

**સ્થળ : શ્રી સુવિધિનાથ જિનાલય માનપાડા રોડ, ડોંબિવલી (ઈ)**

**નલીયાના સર્વ ગામવાસીઓ તથા નિયાણી બહેનોને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે.**

આ પૂજન બાદ સાંજના ચૌવિહારની વ્યવસ્થા રાખેલ છે. દેશ પરદેશમાં વસતા ગામવાસીઓ તથા નિયાણી બહેનોને પધારવાનું છે. તો આ આમંત્રણ સ્વીકારી પધારશો.

પૂજનના લાભાર્થીઓ પૂજાના કપડામાં આવજો તથા હાલ વર્ષીતપ ચાલતા હોય એવા ગામવાસીઓ તથા નિયાણી બહેનો નીચેના કાર્યકરો પાસે નામ લખાવજો તો તપસ્વીઓને પણ પૂજનનો લાભ આપી શકાય.

**લી. નલીયા વાસી ડોંબિવલી મિત્ર મંડળ વતી**

| | | |
|---|---|---|
| વિરેન્દ્ર લોડાયા :9821073830 | ચેતન નાગડા : 9820105078 | નરેશ છેડા : 8421656079 |
| મણીલાલ લોડાયા :9820175847 | ભદ્રીચંદભાઈ દંડ : 9320031493 | હિરાચંદ છેડા : 9321378999 |
| પ્રગ્નેશ નાગડા :8879129436 | અમીત ખોના : 9321705511 | પ્રવિણ ખોના : 8082044950 |
| પરેશ ખોના : 9820940486 | મયુર લોડાયા : 9833223846 | પ્રદીપ નાગડા : 9821855577 |

ઉંમરે લોહી જોઈ લેતી હોય છે. એની સાથે જ મોટી થતી હોય છે અને એની સાથે જ જીવતાં શીખી જતી હોય છે. આ જ છે આપણી (છોકરીઓની) સાચી તાકાત, આપણા ધૈર્યની તાકાત. યાદ રાખજો કે આ બાબતે આપણે પુરુષ કરતાં વધુ શક્તિમાન છીએ અને નમ્રભાવે આ વાત સ્વીકારીને જીવીએ છીએ. કદાચ એટલે જ સ્ત્રી ધરતી જેવી છે, જે સર્જે છે, સહે છે અને પાળે - પોષે છે!

આ શબ્દો કાયમ માટે મારી અંદર કોતરાઈ ગયા છે. મને લાગે છે કે તાણ સહન કરીને પણ સર્જન કરવું એ સ્ત્રીની સાચી શક્તિ છે - દોલત છે. આ સંભવિતતા માત્ર આલ્ફા વુમન (બુદ્ધિશાળી, પ્રભાવશાળી, મહેનતુ અને આત્મવિશ્વાસુ સ્ત્રી) માં જ નહીં, તમામ સ્ત્રીમાં હોય છે.

મારી બહેનોમાં મારો નંબર ત્રીજો હતો. અમે બધી બહેન રાજકુમારીઓ જેવી. અમને બધાંને લેખન કરવું, ડ્રાઈવિંગ કરવું, ગિટાર વગાડવું અને ફૂટબોલ રમવું બહુ ગમતું. મારા માટે એ મારું ભારત હતું, જ્યાં અમે છોકરાઓની જેમ ક્રિકેટબોલને સ્પિન પણ કરતાં અને છોકરીઓની જેમ ઘર ઘર પણ રમતાં. એ રમતમાં અમે ક્યારેક એકમેકની મમ્મી બની જતાં અને અમારાં બાળકો માટે રાંધતાં. અમારી અંદર વિજેતાઓ પણ હતાં અને ગૃહિણીઓ પણ. વિદ્યાર્થીઓ પણ હતા અને ખેલાડીઓ પણ, ડાન્સરો પણ હતાં અને મુત્સદ્દીઓ પણ. પુરુષ અને પ્રકૃતિ એમ બન્નેનો સમન્વય હતો અમારી અંદર, આપણી ભીતરનાં પુરુષ - પ્રકૃતિની સાથે જીવવું એ જ મારા માટે આલ્ફા વુમનનો સાચો અર્થ છે.

હું જેમ જેમ મોટી થતી ગઈ તેમ દરેક કુટુંબમાં આલ્ફા વુમન મને દેખાતી ગઈ. આજ્યે દેખાય છે. મને લાગે છે કે આપણે ત્યાં સંયુક્ત પરિવારની સ્ત્રીઓ નૈસર્ગિક રીતે જ પબ્લિક રિલેશન્સમાં કુશળ હોય છે. ઘણી સ્ત્રી એવા પરિવારોમાં ઊછરે છે અને પરણીને પણ એવા જ સંયુક્ત પરિવારમાં જાય છે, જ્યાં સાસુ, સસરા, નણંદ, દેર, જેઠ દેરાણી, જેઠાણી, ભત્રીજી - ભત્રીજા, વગેરે એકસાથે રહેતાં હોય. આવા પરિવારમાં ઘરની જવાબદારીઓ પૂરી કરવાનું કામ અને પરિવારજનો સાથે સંબંધ જાળવી રાખવાનું કામ સ્ત્રી માનસશાસ્ત્રની કે સમાજશાસ્ત્રની કોઈ જ ડિગ્રી વિના પણ સહેલાઈથી કરતી હોય છે.

સંયુક્ત પરિવારમાં સ્ત્રીને બહુ ઓછો અવકાશ મળતો હોવા છતાં એ પોતાની ઓળખ ઊભી કરે છે. બધાના અહમ્ સાચવે છે અને એનામાં તથા અન્ય પરિવારજનમાં ઊભી થતી અસલામતીની ભાવના સાથે પણ સારી રીતે પનારો પાડે છે.

નવી વહુ પરણીને ઘરમાં આવે ત્યારે સાસુને પોતાનો દીકરો એની સાથે શેર કરવો પડે છે અને બહેને પોતાનો ભાઈ શેર કરવો પડે છે. પરણ્યા પછી નવી વહુને મળતા પતિના પ્રેમને કારણે સાસુ કે નણંદના મનમાં લાગણીઓનાં તોફાન ઊમટે છે. નવી વહુ એ તોફાન સામે પણ ઝીંક ઝીલી લે છે. પોતાની તરફ એકસાથે વીંઝાતા પ્રેમ અને ગમા - અણગમાના ઝંઝાવાતને પણ એ સલુકાઈથી ઝીલી શકે છે. આ જ કારણસર દરેક ભારતીય કુટુંબમાં રહેતી સ્ત્રી મારા માટે આલ્ફા વુમન જ છે.

લગભગ એક વર્ષથી હું મોનોગામી (એક પત્નીત્વ) અને એનાં મૂળ પર કામ કરી રહી છું. એક મૂળભૂત થિયરી એવી છે કે પોલીગામી (બહુપત્નીત્વ)ને લીધે ઘણા પુરુષ પત્નીવિહીન રહી જતા, જેને કારણે સમાજમાં અરાજકતા સર્જાતી. પરિણામે ગંભીર અપરાધ થતા. આ સ્થિતિ નિવારવા માટે મોનોગામીની શરૂઆત થઈ.

એક અન્ય દલીલ : એક કરતાં વધૂ પત્ની ધરાવતા આલ્ફા મેલ (વર્ચસવાળો કે પ્રભાવશાળી પુરુષ)ને પરણીને દ્વિતીય સ્થાન મેળવવાનું પસંદ કરતી થઈ. આ દલીલને પણ મોનોગામીની શરૂઆત થવાનું કારણ માનવામાં આવે છે.

આમ મોનોગામી એક પ્રથા તરીકે વિકાસ પામી, જે સમાજમાં સમાનતા, માનવતા ને શાંતિ સ્થાપી શકે. એ વાત પણ ખરી કે ઔદ્યોગિકરણ થયા પછી આલ્ફા મેલ માટે એક કરતાં વધુ પત્નીને અને ઘણાં બાળકોને સાચવવાનું અઘરું પડવા માંડયું. સાથે સાથે ઈતિહાસ અને સમાજશાસ્ત્રના અભ્યાસે એ હકીકત પણ છતી કરી કે પરિવારો સમાજ માટે એક સારી બાબત હોય છે, કારણ કે સામાન્ય રીતે પરણેલા પુરુષોના પગ જમીન પર હોય છે. એ લોકો નિયમ પાળતા હોય છે

# શ્રી ક.દ.ઓ. સેવક ભરૂડિયા અચલગચ્છ જૈન સંઘ

સ્થાનિક કાર્યાલય : સેવક ભરૂડિયા, પો. દલતુંગી, જી. જામનગર - ૩૬૧૮૦.
મુંબઈ કાર્યાલય : C/o. ખુશ્બુ ડાયકેમ પ્રા. લિમિટેડ, ગાલા નં. ૯૯, ન્યુ યુનિક ઇન્ડસ્ટ્રીયલ ઇસ્ટેટ,
ડૉ. આર. પી. રોડ, જવાહર ટોકિજની સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૮૦. ફોન : ૨૫૯૩ ૯૬૯૬
E-mail : sevakbharudiatrust@gmail.com Website : www.sevakbharudiatrust.in
ashok.dand@khashbudyechem.com

## શ્રી ક.દ.ઓ. સેવક ભરૂડિયા અચલગચ્છ જૈન સંઘ
## સંઘ સ્નેહમિલન તથા ટ્રસ્ટબોર્ડની ચૂંટણી

સંઘના સર્વે સભ્ય ભાઈઓ -બહેનો જોગ,

જય જિનેન્દ્ર

આપણા ટ્રસ્ટબોર્ડની ચૂંટણીની પ્રક્રિયાને લગતા કાર્યક્રમનું આયોજન નીચે મુજબ નક્કી કરેલ છે.

### ચુંટણી કાર્યક્રમ

ઉમેદવારી પત્રક મેળવવાનું : મુંબઈ કાર્યાલય, સોમવાર તા. ૨૩.૨.૧૫ થી શનિવાર તા. ૨૮.૨.૧૫ સુધી

ઉમેદવારી પત્રક ભરીને પાછા આપવાની અંતિમ તારીખ : તા. ૬.૩.૨૦૧૫ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી

ઉમેદવારી પત્રકોની ચકાસણી : મંગળવાર તા. ૧૦.૩.૨૦૧૫

ઉમેદવારી પત્રક પાછા ખેચવાની છેલ્લી તા. : શનિવાર તા. ૧૪.૩.૨૦૧૫ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી

મતદાનની તારીખ : રવિવાર તા. ૨૨.૩.૨૦૧૫

મતદાનનો સમય : બપોરે ૨.૦૦ વાગ્યા થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી

મતદાનનું સ્થળ : ગોપુરમ હોલ, જ્ઞાનસરીતા સ્કૂલની બાજુમાં, ડો. આર. પી. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૮૦.

સભ્યોની સામાન્ય સભા : રવિવાર તા. ૨૨.૩.૨૦૧૫ સાંજના ૪.૦૦ થી ૬.૩૦ જેમાં ટ્રસ્ટબોર્ડનો પાંચ વર્ષોમાં કરેલ કાર્યનો અહેવાલ રજુ કરવામાં આવશે.

ભોજન વ્યવસ્થા : રવિવાર તા. ૨૨.૩.૨૦૧૫ સાંજે ૬.૦૦ થી ૮.૦૦ આપણા સંઘ તરફથી ભોજન વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

**ખાસ નોંધ** : ટ્રસ્ટબોર્ડની ચૂંટણી માટે આપનો મત અધિકાર અને મત આપવાની આપની ફરજને અવશ્ય દિપાવશો.

**ખાસ અગત્યની સૂચના** : ૧) પચ્ચીસ વર્ષથી ઉપરની ઉમરના સભ્ય ટ્રસ્ટીપદના સભ્ય તરીકે પોતાની ઉમેદવારી નોંધાવી શકશે. ૨) બંધારણ મુજબ ઉમેદવારી નોંધાવવાની ઇચ્છા રાખનાર સભ્યે સંઘનું બાકી રહેલું લેણું ઉમેદવારીપત્રક જમા કરાવતાં પહેલા ભરી દેવું જરૂરી છે. ૩) જેમની ઉમર ૧૮ વર્ષની ઉપર હોય તેઓ જ મતદાન કરી શકશે. ૪) સંજોગોવસાત ચુંટણી પ્રક્રિયા ન થઈ શકી તો એજ દિવસની સામાન્ય સભામાં ટ્રસ્ટબોર્ડની નિમણુંક કરવામાં આવશે.

મુખ્ય ચૂંટણી અધિકારી : **શ્રી અશોક કુંવરજી ધુલ્લા** (શાહ)

એજ લિ.

**શ્રી ક.દ.ઓ. સેવક ભરૂડિયા અચલગચ્છ જૈન સંઘ વતી ટ્રસ્ટીગણ**

અને હિંસક ગુના કરવાથી છેટા રહેતા હોય છે. મને લાગે છે કે આ રીતે સમાજમાં શિસ્ત, શાંતિ અને સભ્યતા આવી એની પાછળનું મુળ છે સ્ત્રી.

મારા હિસાબે બિનશરતી પ્રેમ એટલે કે મા અને એનાં સંતાન વચ્ચેનો નિર્વ્યાજ - નિઃસ્વાર્થ પ્રેમ દરેક સ્ત્રીમાં હોય છે એટલે જ મને લાગે છે કે દરેક મા આલ્ફા વુમન છે. મેં રીડર્સ ડાઈજેસ્ટના એક લેખમાં વાંચ્યું હતું કે કોઈને સાચો પ્રેમ કરવો એટલે એને સ્વતંત્રતા આપવી અને એટલી સ્વતંત્રતા આપવી કે એ તમને પણ અતિક્રમી શકે. મારા હિસાબે આ આલ્ફા લક્ષણ છે અને એ દરેક માતામાં હોય છે.

આજે હું ભારતના મધ્યમ વર્ગને જોઉં છું અને મને દેખાય છે કે સ્ત્રી ઓફિસમાં, ઘરમાં, દુકાનમાં, ખેતરમાં અને કારખાનામાં પુરુષ સાથે ખભેખભા મિલાવીને કામ કરે છે. આ રીતે એ પરિવારની આવકમાં પોતાનો ફાળો આપે છે અને છતાં પહેલાંના જમાનાની જેમ ઘર પણ સંભાળે છે. હા, આજનો પુરુષ સવારે કચરાનો ડબ્બો ઘરની બહાર મૂકીને કે પછી દૂધ ગરમ કરીને સ્ત્રીને મદદ કરતો હશે, પણ મોટા ભાગનાં ઘરકામ તો હજીય સ્ત્રીના માથે જ છે. બહાર કામ કરવું અને ઘર સંભાળવું એમ બે વિવિધ ફરજ બજાવતી વખતે સ્ત્રીએ કેટલું અલગ અલગ સ્તરે વિચારવું - વર્તવું પડતું હશે એની જરા કલ્પના કરો. ઓફિસમાં એણે ટફ બનવાનું હોય છે અને ઘરમાં નરમાશથી વર્તવાનું હોય છે. ઓફિસમાં એણે બીજાના આદેશનું પાલન કરવાનું હોય છે. અને ઘરમાં લીડર બનીને બધી જવાબદારી મેનેજ કરવાની હોય છે. ઓફિસમાં બહુ મોટો હોદ્દો હોય તો સ્ત્રીએ કંપનીઓ હસ્તગત કરવાના વ્યૂહ વિચારવાના હોય છે અને ઘરમાં બાળકને સાદાં સરવાળા - બાદબાકી શીખવવાનાં હોય છે. આ બધાં વિરોધાભાસી કામ એકસાથે કરવાં એ સહેલું નથી.

મારા માટે આલ્ફા વુમન એટલે પતિ સાથે મળીને હાથગાડી ખેંચતી સ્ત્રી. મારા માટે આલ્ફા વુમન એટલે પોતાના હાથ નીચેના વીસ - પચ્ચીસ કર્મચારીને મેનેજ કરતી એવી એક્ઝિક્યુટિવ સ્ત્રી, જે ઘરના મોરચે રોજ સવારે પાંચ વાગે ઉઠીને પોતાનાં કોલેજ જતાં સંતાન માટે ચા - નાસ્તો બનાવતી હોય. મારા માટે આલ્ફા વુમન એટલે એવી સ્ત્રી, જે ટીવી પર કૂકિંગ શો જોઈને પરિવારજનો માટે જાતજાતની વાનગી બનાવતી હોય. મારા માટે આલ્ફા વુમન એટલે એવી સ્ત્રી, જે પતિની હતાશાને પોતાનાં સ્મિત અને હૂંફથી ખંખેરી નાખતી હોય.

પાષાણયુગમાં પુરુષ શિકારે જતો ત્યારે ફળફળાદિ ચૂંટી - વીણીને પરિવારના ભોજનમાં ૭૦ ટકાનો ફાળો આપતી સ્ત્રી પણ આલ્ફા વુમન હતી. કૃષિયુગમાં પતિ સાથે ખભેખભા મિલાવીને હળ ચલાવતી કે વાવણી - કાપણી કરતી સ્ત્રી પણ આલ્ફા વુમન હતી. ઔદ્યોગિકરણના જમાનામાં આઠ કલાકની શિફ્ટ પતાવીને ઘરે આવ્યા પછી ચૂલો ફૂંકતી સ્ત્રી પણ આલ્ફા વુમન હતી.

ટૂંકમાં, પોતાની નાજુકાઈ ને તાકાતથી તથા પોતાની સહનશીલતા ને મક્કમ નિર્ધારથી ઘર ને ગરબહારનાં તમામ કામ સંભાળી શકે એવી દરેક સ્ત્રી મારા માટે આલ્ફા વુમન છે. મા કાલીની જેમ અસુરોનો સંહાર કરી શકે અને સરસ્વતીની જેમ વિદ્યા પ્રાપ્ત કરી શકે એવી તમામ સ્ત્રી મારા માટે આલ્ફા વુમન છે. આલ્ફા વુમન એટલે મા દુર્ગા, જે વિજય પર દૃષ્ટિ ખોડી રાખે છે. આલ્ફા વુમન એટલે મા લક્ષ્મી, જે ધનસંપત્તિ જાળવી રાખે છે. આ તમામ દેવી જેવી બની શકતી કોઈ પણ સ્ત્રી મારા માટે આલ્ફા વુમન છે અને એ આપણી સૌની અંદર વસે છે.


શ્રી શાંતિનાથાય નમો નમઃ

શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથાય નમઃ શ્રી ચંદ્રપ્રભુસ્વામી નમો નમઃ

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ**

**કચ્છ અબડાસા તાલુકાના પરજાઉ, વડસર, અને સુખપર ગામે નવનિર્મિત મંદિરે શ્રી વાછરાદાદા અને યક્ષ (જખ) દાદાની પ્રતિષ્ઠા પ્રસંગે પધારવા ભાવભર્યું આમંત્રણ.**

પ્રતિષ્ઠાનું પાવન દિવસ વૈશાખ સુદ - ૧૧ તા. ૨૯.૪.૨૦૧૫ પરજાઉ ગામે વાછરાદાદાની પ્રતિષ્ઠા

વૈશાખ સુદ - ૧૨ તા. ૩૦.૪.૨૦૧૫ - સુખપર ગામે - વાછરાદાદાની પ્રતિષ્ઠા

વૈશાખ સુદ - ૧૨ તા. ૩૦.૪.૨૦૧૫ વડસરમાં **વાછરાદાદાની** અને શ્રી **જયદાદાની પ્રતિષ્ઠા**

શ્રી **વાછરાદાદા** અને **યક્ષ (જખ) દાદાના** નવ નિર્મત મંદિરમાં પ્રતિષ્ઠા નિમિતે આપ સર્વે દાદાને નમતા ભાવિકો - ગામવાસીઓ અને જ્ઞાતિજનોને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**લિ. શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ**

**જયેશ જૈન (અધ્યક્ષ)**
**ગોવિંદજી પટેલ (ઉપાધ્યક્ષ)**

**સાહિત્ય દિવાકર પ.પૂ.શ્રી કલાપ્રભસાગર** પાના નં. ૨ થી ચાલુ

ગુરૂદેવની ગરવી કૃપાથી પરભવનું ભાતુ જૈન ઈતિહાસની ઝલક, આર્ય-જય-કલ્યાણ સ્મૃતિગ્રંથ જેવા સો એક ગ્રંથોનું લેખન-સંપાદન કાર્ય કર્યું છે.

સાત્ત્વિક સદ્ગુણ અને સંસ્કાર સમૃધ્ધિની વૃદ્ધિ કરવા પૂજ્યશ્રીએ સં.૨૦૩૩ના ઘાટકોપરમાં પ્રથમ યુવાજ્ઞાન શીબિર યોજી એમાં જ્ઞાન સાથે ગમ્મત...તથા કથા વિગેરેના માધ્યમ દ્વારા તત્ત્વજ્ઞાન પ્રવચનામૃતનું પાન કરાવી અનેક યુવાનોના જીવનમાં ટર્નીગ પોંઈટ લાવી દીધા ત્યારથી નિરંતર દર વેકેશનોમાં શિબિરનું આયોજન થઈ રહ્યુ છે. જે આંક ૭૨ ને વટાવી ગયેલ છે.

અચલગચ્છના ગૌરવવંતા ઈતિહાસમાં ઘણાં વર્ષો બાદ ગણિપદનો અવસર પ્રથમ જ હતો. પૂજ્યશ્રીએ ગુરુકૃપાથી ઉત્તરાધ્યયન, આચારાંગ, ભગવતી સૂત્રના યોગોદ્વહન કર્યા તેથી ગુરુદેવે સં.૨૦૪૦ કા.વ.૧૧ વડાલા મુકામે ગણિપદ પ્રદાન કર્યુ. શિખરજી ચાર્તુમાસ પૂર્ણાહુતિ પછી વીશ જિનાલય પ્રેરક પૂ. ગુરુદેવ શ્રીની નિશ્રા તથા પૂજ્યશ્રીની પ્રેરણાથી સં.૨૦૧૪માં વિદ્વત સંમેલન યોજ્યું ત્યારે વિદ્વદ્જનોએ પૂજ્યશ્રીની સાહિત્યમાં વિશેષ નિપુણતા જોઈને 'સાહિત્યદિવાકર' બિરુદ અર્પણ કર્યુ.

મારવાડ મરુભૂમિમાં વિચરી વીરવાણીના વાહક બની સૌને ધર્મના ગ્રાહક બનાવ્યા. ગુરૂદેવે તેમની શ્રેષ્ઠ કોટીની કૌશલ્યતા જોઈને સ. ૨૦૪૪ પો.વદ ૧૩ બાડમેરનાં ઉપાધ્યાયપદે આરૂઢ કર્યા.

અચલગચ્છના આદ્ય પ્રણેતા પૂ.આર્યરક્ષિતસૂરીશ્વરજી મ.સા.ની જન્મભૂમિ દંતાણી તીર્થનો ઉદ્ધાર કરાવી, તીર્થોદ્ધારક પૂ.ગુરૂદેવશ્રીનાં હાથે જિનાલય દાદાવાડીની પ્રતિષ્ઠા કરાવી ત્યારે અનેક સંઘોની ઉપસ્થિતિ હતી. સંઘના અગ્રણીજનોની વચ્ચે ઉપાધ્યાય કલાપ્રભાસાગરજી મ.ને શાસનસમ્રાટ પૂ. ગુરુદેવ સં. ૨૦૪૪ મહા વદ ૧૨ ના ૩૬ વર્ષની લઘુવયે આચાર્યપદે અલંકૃત કર્યા. રાજસ્થાનના ખૂણે ખૂણે વિચરી ધર્મજ્યોત જગાવી જેથી ગુરૂદેવે પૂજ્યશ્રીને 'રાજસ્થાન દીપક' બિરૂદ આપ્યું.

તપ-જપ સહ વિધિપૂર્વક પંચપ્રસ્થાન પીઠીકાની વિશિષ્ટ આરાધના કરી સંયમસાધનમાં સુક્ષ્મ બળની પ્રાપ્તિ કરી જેના દ્વારા શાસન-ગચ્છની ઉન્નતિનાં અનેક વિધ પુણ્યવંતા કાર્યો કરવાનું આત્મસત્વ પ્રાપ્ત કર્યુ. પૂજ્યશ્રીએ ૫૦૦ આયંબિલ, ૪ અઠ્ઠાઈ, ૫ વર્ષીતપ આદિ તપારાધનાઓ કરેલ છે.

તપધર્મના કટ્ટર પક્ષપાતી પૂ. ગુરૂદેવશ્રીની માસિક પુણ્યતિથિએ ૧૦૮ અઠ્ઠમ કરવાનો સંકલ્પ કરેલ અનેકવિધ શાસનની જવાબદારી હોવા છતાં પ્રાયઃદર વર્ષે ૧૦-૧૨દિવસ મૌન સહ સવા લાખ પદનો જાપ કરે છે.

કચ્છ-ગુજરાત-રાજસ્થાન-મેવાડ-માલવા-મહારાષ્ટ્ર-બિહાર-ઉત્તરપ્રદેશ-કર્ણાટક-આંધ્રપ્રદેશ આદિ અનેક સ્થળોએ વિચરી ધર્મજાગૃતિ આણી રહ્યા છે.

સં.૨૦૪૯માં હૈદરાબાદમાં અહિંસા પ્રચાર માટે અવિતરણે અથાગ પરિશ્રમ કરી ત્રિદિવસીય અહિંસા સંમેલન યોજેલ ત્યારે પૂજ્યશ્રીની બેનમૂન કાર્યવાહી જોઈને જૈન જૈનેત્તરોએ અહિંસાના અગ્રદૂત દક્ષિણદીપકનું બિરૂદ આપ્યું છે.

પરમહિતચિંતક અજોડ પ્રતિભાશાલી, પૂજ્યશ્રીના સૂરિપદના પચ્ચીશવર્ષની (૨૭વર્ષ) પૂર્ણતાના પ્રસંગે પ્રાર્થીએ.... પ્રતિદિનની પુણ્યવંતી પ્રત્યેક પળો પ્રસન્નતાસભર બનો...પુનિત પગલાં પ્રભુશાસનના પ્રભાવનાકારક બનો.

- 'પુણ્યપરાગ'

પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના સિધ્ધિ કળશો.

સં ૨૦૩૩ ઘાટકોપર (પૂર્વ) (જીરાવલ્લા) મુંબઈમાં પધરામણી લઘુ ગુરુબંધુ મુનિશ્રી મહાભદ્રસાગરજી સહિત પ્રાચીન ગ્રંથોનું સંશોધન સંરક્ષણ કેન્દ્રની સ્થાપના.

સં.૨૦૩૯ મુંબઈથી શિખરજી છ'રી સંઘ . સં.૨૦૪૧ અમદાવાદ (મણિનગર) (અચલગચ્છ ઉપાશ્રયની પ્રેરણા સહ પ્રાચીન ગ્રંથોદ્ધારનો પ્રારંભ ભીનમાલ. સં.૨૦૪૨ (રાજ.) અચલગચ્છ ઉપાશ્રયે (પ્રાચીન ગોત્રોના સંશોધન). સં. ૨૦૪૬ ચાતુર્માસ બાદ શત્રુંજ્ય તીર્થની ૧૧૦૦ યાત્રિકાની અતિ ભવ્ય નવાણું મહાયાત્રા. (શંખેશ્વર પાર્શ્વ તીર્થે ભૂખઁડ ખરીદ્યું.). સં. ૨૦૪૯ હૈદ્રાબાદમાં અચલગચ્છનું પ્રથમ ચાતુર્માસ (કચ્છ ભવન મદ્યે) શાંતિનાથ જિનેશ્વરધામની શરૂઆત, વિશાળ પ્લોટની ખરીદી કરાવી.. સં. ૨૦૫૦ અંબરનાથથી શંખેશ્વર તીર્થના છ'રી સંઘ, શંખેશ્વર અચલગચ્છ દાદાવાડી ભવનનું ઉદ્ઘાટન પાલિતાણા અંજન પ્રતિષ્ઠા, દંતાણી તીર્થે શ્રી કેશરભવનનું ઉદ્ઘાટન.. સં. ૨૦૫૧ બાડમેરમાં પૂજ્યશ્રીની પ્રેરણાથી શહેરના હાર્દ વિસ્તારમાં ગુણસાગરસૂરિજી સાધનાભવન માટે સંઘે વિશાળ જમીન ખરીદી, યોજના. સં. ૨૦૫૨ ગોધરા (કચ્છ) શંખેશ્વરથી ૭૨ જિનાલયે ૨૦ વર્ષો બાદ છ'રી સંઘ, ૭૨ જિનાલય (માંડવી) તીર્થના અંજન પ્રતિષ્ઠામાં પૂ. ગચ્છાધિપતિ શ્રી સહ નિશ્રા. સં. ૨૦૫૫ પવઈ વિશાળ કચ્છ ભવનનું ઉદ્ઘાટન એ વર્ષે ૧૩ પ્રતિષ્ઠાઓ. સં. ૨૦૫૮ દંતાણી તીર્થે (રાજ.) વાયા આબુરોડ, ૨૦ વિહરમાનાદિ દેવકુલિકાનિર્માણ અંજન, પ્રતિષ્ઠા, દીક્ષા, તીર્થ માટે વિશાળ ભૂખંડ પ્રાપ્તિ આદિ. સં. ૨૦૫૯ પૂ.ગ.આ.ભ.ના સંયમ સુવર્ણ વર્ષે શત્રુંજ્ય તીર્થની અતિભવ્ય ૯૯ યાત્રા. સં. ૨૦૬૧ બાડમેર (ગુણસાગરસૂરિ સાધના ભવનના નિર્માણ-ઉદ્ઘાટન)

સં. ૨૦૬૨ શ્રી ગુણાપાર્શ્વતીર્થ (દેઢીયા કચ્છ), સમેતશિખરાવતાર તીર્થ નિર્માણ. સં. ૨૦૬૩ પાલિતાણા સમૂહ ચાતુર્માસ (પૂ.વર્તમાન ગચ્છાધિપતિ આ. ભ.ની નિશ્રાએ) ચાતુર્માસ બાદ ગુણાપાર્શ્વ તીર્થ સમેતશીખરાવતાર પ્રતિષ્ઠા. સં. ૨૦૬૮ શતાબ્દિ વર્ષ નિમિત્તે ૧૦૦૦ સમુહ વર્ષિતપોના આયોજનની પરાપરામાં વિચરી મંગલ પ્રેરણા કરી.

## ઘાટકોપર જીરાવલ્લા જિનાલયે પૂ. દેવરત્ન સાગરજી ગુરૂ સ્મરણ ઉત્સવની તૈયારી માટે સભા



જૈન સંઘના ચારેય ફિરકામાં સન્માનનીય, અચલગચ્છ માટે ગૌરવ આપનારા, પ્રવચન પ્રભાવક પ. પૂ. મુનિરાજ દેવરત્નસાગરજી મ.સા.ની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ મુંબઈ તથા મુંબઈ બહારના સર્વે અચલગચ્છીય સકલ સંઘોના સહકારથી તા. ૧૭/૫ થી ૨૧/૫ પંચ દિવસીય જાજરમાન ગુરૂ સ્મરણ ઉત્સવ ઘાટકોપર જીરાવલ્લા દેરાસર મધ્યે ઉજવાશે.

તે માટેની ચર્ચા વિચારણાની પ્રથમ બેઠક તા. ૫/૨ ના થઈ. હવે બુધવાર તા. ૧૮/૨ ના ઘાટકોપર જીરાવલ્લા દરબારે સર્વે અચલગચ્છીય સંઘોના પદાધિકારીઓ - પ્રતિનિધિઓ તથા ગુરૂભક્તોની એક વિશેષ બેઠક યોજાશે.

આ પ્રસંગ માટે અચલગચ્છાધિપતિ પ.પૂ. આ ભ. ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા.એ આજ્ઞા તથા આશિષ પ્રદાન કરેલ છે.

યુવાચાર્ય પ.પૂ. આ.ભ. કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. તથા પ.પૂ. ગણિવર્ય શ્રી કવિન્દ્રસાગરજી મ.સા. તેમજ સુસાધ્વીજીઓ પ.પૂ. રત્નરેખાશ્રીજી, પ.પૂ. અરૂણોદયશ્રીજી પ.પૂ. અભયગુણાશ્રીજી, પ.પૂ. હિરણ્યગુણાશ્રીજી નિશ્રા પ્રદાન કરશે.

મુંબઈ સ્થિત અચલગચ્છના તમામ શ્રમણ - શ્રમણી ભગવંતો પણ આ પ્રસંગે નિશ્રા પ્રદાન કરશે.

મિટીંગ બાદ સાધર્મિક ભક્તિ રાખવામાં આવેલ છે.

શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથાય નમઃ

વાછરાદાદા નમો નમઃ

### વાછરાદાદા - જખ દાદાના પ્રતિષ્ઠા મહોત્સવ નિમિતે ભાવભર્યું આમંત્રણ

મુળ સુખપર અને વડસર ગામમાં ત્યારબાદ નલિયા - તેરા - જખૌ - સાંયરા અન્ય ગામોમાં વસેલા ક.દ.ઓ. જૈન જ્ઞાતિજનોનો વૈશાખ સુદ - ૧૨ તા. ૩૦.૪.૨૦૧૫ ના વડસર, સુખપર ગામે યોજનાર વાછરાદાદા, જખ દાદાના નવનિર્મિત મંદિરના પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પધારવા માટે ભાવભર્યું આમંત્રણ છે.

**નિમંત્રક :**

**મયુર દંડ (ડોંબિવલી)**

**હેમંત મોતા (લોનાવલા)**

**જીતુભાઈ ખોના (ઘાટકોપર)**

**નેણશીભાઈ ભાનુશાલી**


Since 1984...

Lagna Deep

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.

ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...

રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા

- રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)

જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.

Mob. : 7666688881

ગુરૂવાર બંધ




## પ્રાર્થના રાખેલ નથી અભિગમ આવકાર્ય

જયાં મૃત વ્યકિતના સગાં સંબંધીઓની સંખ્યા મર્યાદિત હોય અને જેમને હજારો રૂપિયા ખર્ચી પ્રાર્થનાસભાના આયોજન પરવડતા ના હોય તેમણે કોઈપણ સંકોચ વિના પ્રાર્થના રાખેલ નથી, અરિહંત શરણ પામેલાની અર્થે બાર નવકાર ગણી લેવા. એવું વલણ વહેલી તકે અપનાવવા જેવું ખરું.

રોટી, કપડાં અને મકાનમાં અટવાઈ જતા મધ્યમ અને નીચલા મધ્યમ વર્ગને પ્રાર્થનાસભા આયોજન હવે પરવડે તેવા રહ્યા નથી. જે કોઈ નજીકના સંબંધીઓ હોય અને જેમની સાથે મૃત વ્યકિતની કે સંબંધીની આત્મીયતા હોય તેમની સાથે વાતચીત કરી એકબીજા દુઃખ હળવું કરી શકાય. સાંત્વના, સહાનુભૂતિ અને સંવેદનાની આપ લે થઈ શકે અને વ્યવહાર સાચવવાની પળોજણને બ્રેક લગાવી શકાય અને ખોટા ખર્ચમાંથી અવશ્યપણે બચી જવાય. જરૂર છે ખરે વખતે સમાજની શરમ, સંકોચ, દેખાડા, આડંબરથી મુકત થઈ ક્રાંતિકારી નિર્ણય લેવાની. આ પ્રેકટીકલ સમાજ સુધારામાં પહેલ તો કરી જોઈએ. કોક જ તમારા નિર્ણયની ટીકા કરશે.

બાકી તો હાશકારો જ અનુભવશે મુંબઈના ધમાલભર્યા જિંદગીમાં સામાન્યજનને નોકરીમાં સમય કાઢવો લગભગ અશકય જ થઈ ગયું છે અને લાંબે દૂર ટ્રેન/બસ વ્યવહારમાં ભીંસાતા જાવું એ બધું નાહક શરીર અને માનસપટ પર અત્યાચાર જ છે. સુક્કા સાથે લીલું બળી જાય તેવી પરિસ્થિતિને ટાળી શકાય ખરી. મોંઘા હોલ, ખુરશી ભાડાં, સંગીતકારના રસાલાનો ખર્ચ અને આવનજાવનની ખોટી પળોજણમાંથી છુટકારો એટલે પ્રાર્થના રાખેલ નથી સુચનને મીઠો આવકાર. ટીકાકારોને ખેલદિલીથી આવકારી લેવાય.

***- કુલીનકાંત ચાંપશી લુઠીયા,***
***માનવજ્યોત***

## ધન્ય છે માનવતા ભાવે સ્વજનની જેમ માંદગીમાં સેવા કરનારનો!




હાલમાં જ જાન્યુઆરી ૨૦૧૪ના છેલ્લા અઠવાડિયામાં મને હ્રદયમાં પ્રોબ્લેમના કારણે રાત્રએ ૧૦ વાગ્યે હોસ્પીટલમાં એડમીટ થવું પડયું અને ડોકટરોના અભિપ્રાય પ્રમાણે એંજીયોગ્રાફી કરતાં હ્રદયમાં બ્લોકેજ જણાયું અને એ અવરોધો દુર કરવા બલુન બેસાડવાનું ડોકટરોએસુચવ્યું અને એ મુજબ સારવાર કરવાની સૌએ સંમંતી દર્શાવી.

ચિ. ભાવિન ભરત ખોના (કચ્છ-બારોઈ હાલ હુબલી) ઉ.વ.૨૭ને આની જાણ થતાં જ રાત્રે ૧૦.૩૦ વાગ્યે હોસ્પીટલ દોડી આવ્યો અને મારા પરિવારની પડખે સગા દિકરાની જેમ ઊભો રહી એમનો સહાયભુત થયો એટલું જ નહીં ત્યારબાદ પણ સતત આઠ દિવસ સુધી તેણે પોતાના અંગત કામો, અભ્યાસ વગેરે પ્રત્યે ધ્યાન ન આપતાં દિવસ અને રાત જોયા વગર એ મારા પરિવારની પડખો ઊભો રહી હોસ્પીટલના કામ હોય કે બહારના ફાર્મસીના કામ હોય કે ઘરેથી ચા-નાસ્તો-જમણ લાવવાના હોય કે અન્ય કોઈ કામ હોય એણે દરેક કાર્યમાં સંપુર્ણપણે નિઃસ્વાર્થ ભાવે પોતાની સેવા આપી. મને પણ હિમ્મત આપતો રહ્યો.

આજે મને જીવનદાન મળ્યું છે. હું સંપુર્ણપણે સ્વસ્થ છું ત્યારે આવા સેવાભાવી કાર્યકર (દીકરા) બદલ ઝુકી તો જવાયને! સમસ્ત પરિવારના અન્ય સભ્યોએ પણ પોતાની સેવા આપી સૌનો હું અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

***-શાંતિલાલ રામજી લાલકા-હુબલી***


શુભેચ્છાઓ સહ...
**સાંધવ રત્ન**
**શ્રી મુલજી રાઘવજી લોડાયા**
**MRL Group of Companies**

પાન નં. : AABT S0478B ॥ શ્રી ચંદ્રપ્રભ સ્વામીને નમઃ॥ ટ્રસ્ટ રજી. નંબર A-855 (કચ્છ)

# શ્રી કચ્છ પરજાઉ જૈન મહાજન ટ્રસ્ટ ફંડ


**રજિસ્ટર્ડ કાર્યાલય :** પરજાઉ જૈન મંદિર, પરજાઉ, પોસ્ટ જખૌ, તા. અબડાસા, પીન - ૩૭૦૬૪૦. ફોન (૦૨૮૩૧) ૨૭૩૨૪૩

**મુંબઈ ઓફિસ : કે/ઓ : ક્રિસ્ટલ કોલોઈડ્સ પ્રા. લિ.** અનુપમ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ નં. - ૧, યુનિટ નં. - ૯, ઓફ પી. કે. રોડ, સાંઈધાન બિલ્ડિંગની પાછળ, મુલુંડ (પ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. ફોન : ૩૨૯૪૪૪૪૯ / ૨૫૯૦૧૩૮૭ / ૩૨૯૩૭૯૮૮



## વર્તમાન ટ્રસ્ટીઓ

**:પ્રમુખ :**
**શ્રી ગુલાબભાઈ ધનજી દંડ**
**(અમદાવાદ)**
મો.: ૦૯૮૨૪૦૯૭૦૭૮

***

**: ઉપ પ્રમુખ :**
**શ્રી કેતન લાલજી દંડ**
(ઐરોલી - નવી મુંબઈ)
મો. : ૦૯૯૮૭૩૨૯૯૯૯

***

**: માનદ મંત્રી :**
**શ્રી નયન મેપાણી**
(મુલુંડ)
મો.: ૦૯૮૨૧૧૬૩૨૪૧

***

**: માનદ ખજાનચી :**
**શ્રી લહેરચંદ આણંદજી દંડ**
(ડોંબીવલી)
મો. : ૦૯૮૬૯૪૪૧૮૨૧

***

**શ્રી શા. રતીલાલ વેરસી નાગડા**
તીરૂપુર (T.N.)
મો. : ૦૯૮૯૪૦૪૮૪૮૫

***

**શ્રી શા. હરેશ દામજી વિકમશી** (નયા અંજાર)
મો. : ૯૪૨૬૪૯૨૨૫૦

***

**શ્રી શા. મહેશ પદમશી નાગડા** (પરજાઉ)
મો.: ૯૦૯૯૩૬૭૦૪૬


## શ્રી પરોણા ભગવાનની પુનઃપ્રતિષ્ઠા મહોત્સવ

છેલ્લા સ્નેહમિલન અને સભામાં જાહેરાત થયા મુજબ ઉપરોક્ત પ્રસંગ અચલગચ્છાધિપતિ અને આચાર્ય ભગવંતશ્રી ગુણોદય મહારાજા સાહેબની સમંતિ અને આજ્ઞા અનુસાર ત્રિયાનિકા મહોત્સવનું આયોજન તા.૨૮ એપ્રિલ ૨૦૧૫ (વૈશાખ સુદ ૧૦) થી તા. ૩૦ એપ્રિલ ૨૦૧૫ (વેશાખ સુદ ૧૨) સુધીમાં પરજાઉ તીર્થે ઉજવવાનું નિર્ધારિત કરેલ છે જેનો સંક્ષિપ્ત કાર્યક્રમ નીચે મુજબઃ

**૨૮ એપ્રિલ, મંગળવાર (વૈશાખ સુદ ૧૦)**: કુંભ સ્થાપના, દિપક સ્થાપના નવ ગ્રહ પૂજન, દશ દિક્પાળ પૂજન વગેરે

**૨૯ એપ્રિલ, બુધવાર (વૈશાખ સુદ ૧૧)** : શ્રી મુખ્ય ધજા મહોત્સવ (સત્તરભેદી પૂજા અને અઢાર અભિષેક)

**૩૦ એપ્રિલ, ગુરૂવાર (વેશાખ સુદ ૧૨)** : શ્રી નુતન દેરીમાં પરોણા ભગવાનની પુનઃપ્રતિષ્ઠા અને લઘુ શાંતિ સ્નાત્ર મહોત્સવ.

## શ્રી નૂતન વિધિધલક્ષી હોલ (ઉપાશ્રય)નું નિર્માણ

અગાઉ જાહેરાત થયા મુજબ ચાર મુખ્ય દાતાઓનું સહયોગથી ઉપરોક્ત કાર્યને પ્રારંભ કરેલ છે. સમગ્ર ગામવાસીઓ આ યોજનામાં સહભાગી થઈ શકે તે માટે રૂ.૨૫૦૦/- ની એક ઈંટ યોજના પ્રમાણે લાભ લઈ શકાશે. ઓછામાં ઓછી ૪ ઈંટ લખાવનારનું નામ સંક્ષિપ્તમાં નક્કી થયા મુજબ યોગ્ય જગ્યાએ તકતીમાં લખવામાં આવશે.

## મહત્તવની સભા

ઉપરોક્ત પ્રસંગોની વિગતવાર આયોજનની માહિતી આપવા અને આ પ્રસંગે સંઘ સ્વરૂપે પરજાઉ જવા માટેનું અયોજન કરવા એક અસાધારણ સભાનું આયોજન તા.૨૨.૦૨.૧૫, રવિવારના બપોરે ૩.૦૦ કલાકે નીચેના સ્થળે આયોજન કરેલ છે. શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુંજ, કસ્તુરબા રોડ, મુલુંડ (પ)

આ સભામાં ઉપરોક્ત પ્રસંગો સંબંધી અંતિમ નિર્ણયો લઈ અંતિમ આદેશ આપવામાં આવશે. તેથી આ સભામાં આપના કુટુંબના એક પ્રતિનિધિ હાજર રહે તે અત્યંત ઈચ્છનીય અને જરૂરી છે. વધુ માહિતી માટે શ્રી ટ્રસ્ટીઓનો સંપર્ક સાધવા વિનંતી.

**એજ લી.**
**શ્રી કચ્છ પરજાઉ જૈન મહાજન ટ્રસ્ટ ફંડસ વતી**
**શ્રી ગુલાબભાઈ ધનજી દંડના જય જિનેન્દ્ર**

## આડી ચાવી

૧. સતી પ્રથા બંધકરી, પુનર્વિવાહ ના પ્રણેતા (૯)
૬. તારૂણ્ય, યુવાની (૩)
૮. એક ગાયક (૮)
૧૨. એક છોકરાનું નામ (૩)
૧૩. બાળકોની ભાષામાં ખાવાનું (૨)
૧૪. ચોખાની બનાવટ, ભેળ માટે જરૂરી (૩)
૧૫. કર્જ લેવું (૨)
૧૬. સેવન કરવું, પાન કરવું(૨)
૧૭. વિવિધ... (૩)
૧૮. મતલબ, અર્થ (૨)
૧૯. સૂકાવેલું આદુ (૨)
૨૦. જીદ (૨)
૨૧. અમન - શાંતિ હોય તેવું રાજ્ય (૪)
૨૨. લપ, આ.. પકડ ગલા (૨)
૨૩. મુખ્ય રાણી (૪)
૨૪. સરોજ, પંકજ, નલિન (૩)
૨૬. ગંધ (૨)
૨૭. ખટરાગ, અબોલા (૫)
૨૮. અર્થ એટલે કે... (૪)

## શબ્દાનંદ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | ૪ | | ૫ | | ■ |
| ૬ | | | ■ | ■ | | ■ | | ■ | ૭ |
| | ■ | ૮ | ૯ | ૧૦ | | ૧૧ | | | |
| | ■ | ૧૨ | | | ■ | ૧૩ | | ■ | |
| ■ | ૧૪ | | | ■ | ૧૫ | | ■ | ૧૬ | |
| ૧૭ | | | ■ | ૧૮ | | ■ | ૧૯ | | ■ |
| ૨૦ | | ■ | ૨૧ | | | | ■ | ૨૨ | ૨૨અ |
| ૨૩ | | | | ■ | | ■ | ૨૪ | | |
| ■ | ■ | ■ | ■ | ૨૫ | ■ | ૨૬ | | ■ | |
| ૨૭ | | | | | ■ | ૨૮ | | | |

## ઊભી ચાવી

૧. ગાંધીજીની સમાધી (૪)
૨. એક ટાપુ (૨)
૩. એક ફિલ્મ ()
૪. હમામ ને ગોઠવો (૩)
૫. ગામડાની ભાષામાં નમસ્તે (૪)
૭. વિયોગમાં ઝુરવું (૪)
૯. એક ખ્રિસ્તી અટક (૩)
૧૦. રામનો એક પુત્ર (૨)
૧૧. વર, પતિ, (૩)
૧૪. વાનર, (૪)
૧૫. વસંત ઋતુ (૪)
૧૬. આધાર આપવો ( હિન્દીમાં) (૪)
૧૭. ભારતીય જનતા પાર્ટીનું ટુંક રૂપ (૩)
૧૮. સુવર્ણ (૨)
૨૧. રાજાને ગમી તે કોણ (૨)
૨૨(અ). બેનમુન (૪)
૨૪. એક ધાતુ (૩)
૨૫. આદત (૨)
૨૬. ડાબું (૨)

*- સરલાબેન હંસકુમાર નાગડા (માટુંગા)*

## PLAY : 1 TO 25

| | | | | |
|---|---|---|---|---|
| | | 25 | | |
| | | 20 | | |
| | 21 | 12 | 14 | 16 |
| | | 3 | | |
| 1 | | | 6 | |

Fill the Empty Boxes with consecutive Numbers in Immediate Next Box Which May be Vertical or Parellel or Cross - Up or Below.

આ પઝલને ઉકેલવાના નિયમો આ મુજબ છે : બાજુના બૉકસમા કેટલાક આંકડા આપ્યા છે, તેને એકદમ નજીકના સમાંતર કે ઊભી કે ત્રાંસી દિશામાં એવો આંકડો મૂકવાનો છે જે ક્રમવાર તેના પછી આવતો હોય.

Answer

| | | | | |
|---|---|---|---|---|
| 23 | 24 | 25 | 19 | 18 |
| 22 | 11 | 20 | 13 | 17 |
| 10 | 21 | 12 | 14 | 16 |
| 9 | 8 | 3 | 4 | 15 |
| 1 | 2 | 7 | 6 | 5 |

## શબ્દાનંદ : ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| રા | જા | રા | મ | મો | હ | ન | રા | ય | ■ |
| જ | વા | ની | ■ | ■ | મ | ■ | મ | ■ | ત |
| ઘા | ■ | રૂ | પ | કુ | મા | ર | રા | ઠો | ડ |
| ટ | ■ | પ | રે | શા | ■ | મ | મ | ■ | પ |
| ■ | મ | મ | રા | ■ | ઋ | ણા | ■ | પી | વું |
| ભા | ર | તી | ■ | હે | તુ | ■ | સૂં | ઠ | ■ |
| જ | ક | ■ | રા | મ | રા | જ્ય | ■ | બ | લા |
| પ | ટ | રા | ણી | ■ | જ | ■ | જ | લ | જ |
| ■ | ■ | ■ | ■ | હે | ■ | વા | સ | ■ | વા |
| અ | ણ | બ | ના | વ | ■ | મ | ત | લ | બ |


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન
સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## કે. ડી. ઓ ક્લાસિક

જ્ઞાતિની મુખ્યત પરિણિત યુગલોની સભ્યપદ ધરાવતી આ સંસ્થા દ્વારા જ્ઞાતિજનો માટે ભાભા એટોમીક રીસર્ચ સેન્ટર, ટ્રોમ્બે મુંબઈની મુલાકાત ૯ ફેબ્રુઆરી ૨૦૧૫ ના યોજાઈ.

જયંત હીરજી લાલકા અને શ્રીમતી હીના જયંત શાહ (લાલકા)ની વ્યવસ્થા સંકલન હેઠળ ૪૪ મુલાકાતીઓએ ભાગ લીધો, જેમાં મૂખ્યતઃ યુવાઓ અને વિદ્યાર્થીઓ હતા. જેમણે સમગ્ર પ્લાન્ટમાં નિરીક્ષણ અભ્યાસ કરી વૈજ્ઞાનિકો દ્વારા અણુશક્તિના ઉપયોગની જાણકારી મેળવી અને પ્રશ્ન ચર્ચા કર્યા.

## ધુલીયાની શ્રીજી ઈંગ્લીશ મિડીયમ સ્કૂલમાં પ્રજાસત્તાક દિન ઉજવાયો

ધુલીયામાં શ્રી ક.દ.ઓ. જૈન બોર્ડીંગ સંચાલિત શ્રીજી ઈંગ્લીશ મિડીયમ સ્કુલમાં તા. ૨૬ જાનેવારી ૧૫ ના ભારતીય પ્રજાસત્તાક દિવસ ઉલ્લ્હાસપૂર્વક મનાવવામાં આવ્યો.

સ્કુલના પાલક શિક્ષક સંઘના સભાસદ મા. શ્રી અલ્તાફજી કાઝીના શુભ હસ્તે ધ્વજારોહણ કરીને રાષ્ટ્રધ્વજને માનવંદના આપવામાં આવી. પતંગ સાથે રંગીબેરંગી હાયડ્રોજનના ફુગ્ગા આકાશમાં છોડવામાં આવ્યા. બાળકોએ સામુહિક પ્રતિજ્ઞા લીધી. સ્કુલના રેડ, યલો, ગ્રીન અને બ્લુ હાઊસના વિદ્યાર્થીઓએ પરેડ કરી રાષ્ટ્રધ્વજને સલામી આપી. બાળકોએ મહાત્મા ગાંધીજીના ત્રણ વાંદરા આ નાટક સાદર કર્યુ.

સ્કુલના પ્રિન્સીપલ સૌ. રવનીત કૌર કોહલીએ પ્રજાસતાક દિનનું મહત્વ સમજાવ્યું. વાઈસ પ્રિંસીપલ ભાવના શાહ વિદ્યાર્થીઓ સાથે મહારાષ્ટ્ર શાસનના શાસકીય સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતાં. સંસ્થાના તથા સ્કુલના વઈસ ચેઅરમન શ્રી ચંદ્રકાંત શાહ, ખજાંચી શ્રી ગોવિંદજી સોની આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતા. સુત્ર સંચાલન શિક્ષિકા કુ. આયેશા અન્સારીએ કર્યું હતું.

સંસ્થાના અધ્યક્ષ પરમ પૂ. યતિવર્યશ્રીજી મોતીસાગરજી મહારાજ સાહેબજીની વર્ષગાંઠ નિમિત્તે બાળકો અને શિક્ષક વૃંદને પેન્સીલ અને પેનનું વિતરણ કરવામાં આવ્યું.

આ શુભપ્રસંગે સ્કુલનાં નર્સરીથી દસમાં ધોરણના ૬૫૦ વિદ્યાર્થીઓ, શિક્ષકવૃંદ, સ્ટાફ અને પાલક ઉપસ્થિત હતાં.

## સાંધવ ધ્વજામહોત્સવ

સાંધવ ગામે શાંતિનાથ દાદાની શિતલ છાયામાં ૧૪૯ મો ધ્વજામહોત્સવ મહાસુદ ૧૩ તા. ૧.૨.૧૫ ના ધામધુમથી ઉજવાયો. વિધિવિધાન માટે કેવલભાઈ ભુજથી પધારેલ. સાંધવવાસીઓ મુંબઈથી નવિનભાઈ લોડાયા, રસિકભાઈ લોડાયા, મયુર નાગડા, પ્રવિણ મોતા, ગોવિંદજી પટેલ, નેણશી ખોના, તેમજ ગાંધીધામથી સારી સંખ્યામાં સર્વે પધારેલ.

## હૈદરાબાદ જિનેશ્વરધામની ઉત્થાપનવિધિ અને પ્રતિઆષ્ઠાના ચઢાવા ઉત્સવ

શ્રી અચલગચ્છ જૈન સંઘ હૈદરાબાદ સીટી સંચાલિત કાચીગુડા સ્થિત શાંતિનાથ


શુભેચ્છાસહ *Laxmichand Dharshi Mota*

**MOTA SHIPPING AGENCY**

C.H.A.No. 11-0404

રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની

સંપર્ક : 08879677709


**પરસ્પર સહમતિથી છૂટા છેડા**

**ઉમંગ જીતેન્દ્ર / મૈશેરી (જખૌ - બેંગલોર) ચારુલ પ્રફુલ્લ લોડાયા (કોઠારા - મલાડ) એ વડિલોની દરમિયાન ગીરીથી પરસ્પર સહમતિથી છુટા છેડા લીધા છે.**

જિનેશ્વરધામમાં ઉત્થાપનવિધિ તથા પ્રતિષ્ઠાના ચઢાવાનો કાર્યક્રમ રવિવાર તા. ૧૮.૧.૧૫ના ભારે ઉમંગના વાતાવરણમાં સંપન્ન થયો.

પ.પૂ. સર્વોદય સાગરજી, પ.પૂ. ઉદયરત્નસાગરજી તથા યુવા મુનિ ગુણવલ્લભ સાગરજીની નિશ્રામાં યોજાયેલ આ કાર્યક્રમમાં વિધિવિધાનકાર શ્રી નરેન્દ્રભાઈ નંદુએ વિધિઓ કરાવી તથા ચઢાવા કાર્યક્રમનું સંચાલન કર્યું.

આ પ્રસંગે શ્રી સમેતશિખર મહાતીર્થ યાત્રાના મુખ્ય સંઘપતિ શ્રી મણીકાંત મેઘજી મોમાયા પરિવાર (વરાડીયા - હૈદરાબાદ) અને શ્રી દામજી જીવરાજ ખીંયશી નાગડા (વરંડી મોટી) તથા સહાયક સંઘપતિઓ તેમજ મુખ્ય આયોજક અને સહયોગી ટીમનું સન્માન કરવામાં આવ્યું.

## શ્રી ક.દ.ઓ. જૈન પશ્ચિમ એકમ કારોબારી જનરલ મિટીંગ

શ્રી ક. દ. ઓ. જૈન પશ્ચિમ એકમના કારોબારી સભ્યોની મીટીંગ એકમના પ્રમુખ શ્રી મહેન્દ્ર મેઘજી મોમાયાના અધ્યક્ષપણા હેઠળ તા. ૧.૨.૧૫ ને રવિવારના લાયન્સ હોલ, આણંદ મુકામે મળી.

એકમની જનરલ મીટીંગ એજ સ્થળે પ્રમુખ શ્રી મહેન્દ્ર મેઘજી મોમાયાના અધ્યક્ષપણા હેઠળ મળી, શ્રી ક.દ.ઓ. જૈન આણંદ મહાજનના પ્રમુખ શ્રી નિતીનભાઈ ધરમશી તથા ડો. ઠાકરશીભાઈ મૈશેરીનું અભિવાદન કરવામાં આવ્યું.

પ્રમુખશ્રી મહેન્દ્ર મેઘજી મોમાયાના આવકાર પ્રવચન બાદ એકમના કારોબારી સભ્ય શ્રી વિરેન્દ્રભાઈ રાઘવજી લોડાયાને મૌન પાળી શ્રધ્ધાંજલિ અપાઈ.

એકમની જનરલ સભા સાથે આણંદ મહાજનના સાધર્મિકો સાથે ગેટ ટુ ગેધર પ્રોગ્રામનું આયોજન રાખવામાં આવેલ.

ડો. ઠાકરશીભાઈ મૈશેરીઓ એકમની કામગીરી અંગે અગત્યના સુચનો સાથે અનુદાન આપ્યું માતુશ્રી ચંપાબેન વિનોદભાઈ લોડાયા એ એકમને અને શ્રી ક.દ.ઓ. જૈન આણંદ મહાજનને અનુદાન આપ્યું.

આણંદ મહાજનની એકમની કરોબારીમાં આણંદના વધુ સભ્યોનો સમાવેશ કરવાની દરખાસ્ત પર યુવા કાર્યકર્તા શ્રી બિમલ પ્રકાશભાઈ લોડાયાની સભ્ય રૂપે તથા શ્રી શાહ પંકજભાઈ આણંદજી દંડની કો.ઓપ્ટ સભ્ય તરીકે નિમણુક કરવામાં આવી. પાલીતાણાના કો.ઓપ્ટ સભ્ય શ્રી હરીશભાઈ પ્રવિણચન્દ્ર ધરમશીની કારોબારી સભ્ય તરીકે નિમણુક કરવામાં આવી.

એકમ તરફથી સીનીયર સીટીઝન શ્રી લલીતભાઈ લોડાયા, શ્રી અનીલભાઈ મૈશેરી, શ્રી સુર્યકાંતભાઈ લોડાયા, શ્રી ડો. ઠાકરશીભાઈ મૈશેરી આ બધા વડીલોને સજોડે શાલ ઓઢાળી બહુમાન કરવામાં આવ્યું.

તેજસ્વી તારલાઓ ચી. નિરાલી દંડ, ચિ. દિપલ મૈશેરી, ચિ. જલ્પા લોડાયા, ચિ. અભિષેક દંડ, ચી. વિમલ લોડાયા તથા ચિ. દર્શન લોડાયા આદિનું બહુમાન કરવામાં આવ્યું.

આણંદ મહાજનના ૧૫ નવા સભ્યોએ એકમના આજીવન સભ્ય તરીકે પોતાના નામ નોંધાવ્યા. એકમના સેક્રેટરી શ્રી મુકેશ માણેકજી લોડાયાએ આભારવિધિ કરી.

## વરાડીયા દેરાસર - મહાજનની સભા

શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ ટ્રસ્ટની વાર્ષિક સામાન્ય સભા સોમવાર તા. ૨૬.૧.૧૫ બપોરના વીરજી જીવરાજ મેપાણી હોલ મુલુંડ વેસ્ટ મધ્યે શ્રી મહેશ રામજી ડાઘાના પ્રમુખ પદે હેઠળ બોલાવવામાં આવી તેમાં ભોજનાલય તથા જીર્ણોદ્ધાર બાબત વિગતવાર ચર્ચા કરવામાં આવી.

જીર્ણોદ્ધાર રીપરેરીંગ સમિતિઃ શ્રી નલીન રતનશી ડાઘા, શ્રી ચેતન શાંતિલાલ ડાઘા, શ્રી હેમંત ગુલાબ મોમાયા, શ્રી અમિત શાંતિલાલ મોમાયા, શ્રી દિપક ગંગાજર ડાઘા.


શ્રી શાંતિનાથાય નમો નમઃ

**શ્રી સાંધવ ગામે દંડ (નાપાણી) પરિવાર ના રતનશીબાપા (પુડશાદાદા) ના નવ નિર્મિત મંદિર તેમજ પુડશા દાદાનો પ્રતિષ્ઠા મહોત્સવ ચૈત્રસુદ ૧૩ તા. ૨. ૪. ૨૦૧૫ ગુરૂવારના સવારના ૧૦ કલાકે રાખવામાં આવેલ છે. તો સર્વે ભાવિકોને સહકુટુંબ પધારવા વિનંતી.**

**લિ. નાપાણી દંડ પરિવાર વતી**
**શ્રી શામજી નરશી દંડ**

હાજર ટ્રસ્ટીઓ શ્રી નિરંજન કેશવજી મોમાયા, શ્રી વિનોદ કુલીનકાંત ડાઘા, શ્રી પ્રતાપ મુલજી પીર, શ્રી મનીષ પ્રતાપ ડાઘા, શ્રી હિરાચંદ ભવાનજી મોમાયા, શ્રી મહેશ રામજી ડાઘા, શ્રી હરીશ ધનજી ડાઘા, લીના મધુકાંત મોમાયા, આશા દિપક ડાઘા.

સભા નોંધ રતિલાલ સામજી મોમાયા અને સભા કાર્યવાહી પ્રતાપ મુલજી પીરએ તૈયાર કરી.

## કોઠારા જિનાલયની વર્ષગાંઠ ઉજવાઈ

કોઠારા ગામનાં મેરૂપ્રભ શાંતિનાથજી જિનાલયની ૧૫૪ મી વર્ષગાંઠની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી.

જિનાલયની મુખ્ય ધ્વજાનાં ચડાવાનો લાભ રાયચંદ ભોજરાજ ધરમશી મસુર, આદેશ્વર દાદાની ધ્વજાનો માતુશ્રી કસ્તુરબાઈ હીરાચંદ મુનવર, મુનિસુવ્રત સ્વામિની ધ્વજાનો લાભ માતુશ્રી સોનબાઈ હીરજી નરશી પટેલ પરિવારે લીધો હતો.

સવારની નવકારાશી માતુશ્રી કસ્તુરબાઈ હીરાચંદ મુનવર પરિવાર જયારે બપોરનું સ્વામિવાત્સલ્ય માતુશ્રી હીરાવંતીબેન ખેતશી દેવશી દંડ પરિવાર દ્વારા યોજાયું હતું.

ઢોલ - શરણાઈનાં સૂરો અને ઘંટાનાદ, શાસ્ત્રોક્ત ઉચ્ચારો વચ્ચે જિનાલયનાં ઉંચા શ્વેત શિખરો ઉપર ધ્વજારોહણ કરવામાં આવેલ. શાસ્ત્રોક્ત વિધિ વિધાન શ્રી ખરાશંકરભાઈ ગોરે કરાવેલ.

વિશાળ સંખ્યામાં સમાજવાસીઓ ઉપસ્થિત રહ્યા. વ્યવસ્થામાં ચન્દ્રકાન્ત મુનવર, વર્ધમાન લોડાયા, ગુલાબ મોતા, હંસરાજ નાગડાએ સહકાર આપ્યો હતો.

## નારાણસરોવર - માતાના મડ તીર્થધામો માંથી ૨૫ પાગલોને ભુજ લઈ અવાયા

નારાયણસરોવર અને માતાના મડ તીર્થધામાંમાંથી માનવજ્યોતના શ્રી પ્રબોધ મુનવરે પચ્ચીસ પાગલોને બે વાહનો મારફતે ભુજ લઈ આવી, માનસિક સારવાર અપાવવા માટે ભુજની માનસિક આરોગ્યની હોસ્પીટલે પહોંચાડયા છે.

શ્રી મુનવરે રસ્તે રઝળતા આવા ૧૯૬ માનસિક વિકલાંગોને સારવાર અપાવી તેઓનાં ઘર સુધી પહોંચાડયા છે. પરિવારજનો સાથે પાંચ - આઠ - દશ વર્ષે ફેર મિલન કરાવ્યા છે.

## જખૌ પાંજરાપોળનો વહીવટ હવેથી પૂર્ણપણે ક.દ.ઓ. આગેવાનોને હસ્તક

શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળા / રજી ઈ - ૩૦૨ ના ટ્રસ્ટબોર્ડની તા. ૩.૨.૧૫ની મીટીંગમાં સંપુર્ણ ટ્રસ્ટ બોર્ડ શ્રી ક.દ.ઓ. જૈન આગેવાનોનું બનેલું હોય એવો નિર્ણય લઈ સંપુર્ણ સંસ્થાની પુર્ણ જવાબદારી આ નવા ટ્રસ્ટબોર્ડને સુપ્રત કરવામાં આવી છે.

શ્રી નવીન વેલજીભાઈ સોની (જખૌ- સ્થાનિક), શ્રી અશોક ગોવિંદજી મૈશેરી (જખૌ- સ્થાનિક), શ્રીમતિ અમિતા તિલક મોમાયા (જખૌ- સ્થાનિક), શ્રી ભીખાલાલ જવેરચંદ સીયાલ (જખૌ- ગાંધીધામ), શ્રી મહેન્દ્રભાઈ દેવજીભાઈ ખોના (જખૌ- મુંબઈ), શ્રી ભરતભાઈ મુલજીભાઈ મૈશેરી (જખૌ- મુંબઈ), શ્રી કિશોરભાઈ ખીમજીભાઈ કાંયાણી (ખોના) (જખૌ- મુંબઈ).

## ભુજમાં મહાકાળી ભાવના

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનશ્રી ભુજ દ્વારા શ્રી રાજેશ ચીમનલાલ જીવાણી (જખૌ હાલે વર્ધમાન નગરવાલા) તરફથી શ્રી મહાકાળી માતાજીની ભાવના એકમ - ભવન ભુજ મધ્યે યોજાઈ હતી.

જયાબેન મુનવર, ગીતાબેન લોડાયા, હેતલ મોમાયા, દક્ષા છેડા, અનીલ વી શાહે ભાવનામાં રમઝટ જમાવી હતી.

## અમદાવાદ મહિલા મંચ

શ્રી કચ્છી દશા ઓશવાલ મહિલા મંચ અમદાવાદ દ્વારા, તા. ૧૭.૦૧.૧૫ના રોજ હિમ્મતલાલ પાર્ક મધ્યે ઉંધીયા, જલેબી પાર્ટીનું આયોજન કરવામાં આવેલ.


શુભેચ્છાસહ.....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઇડીંગ રોડ, મુંબઇ-૯.

ગ્રીન ડે સાથે શાકભાજીથી બનાવેલ દાગીનાની હરીફાઈ રાખવામાં આવેલ. તેમાં પ્રથમ ઈનામ - સારીકા તુષાર લોડાયા. બીજું ઈનામ - ભુમીકા ધર્મેશ છેડા, ત્રીજું ઈનામ - વૈશાલી જતીન લોડાયાને મળેલ. ઈનામ મહિલા મંચ તરફથી આપવામાં આવેલ.

નાના બાળકો માટે ફેન્સી ડ્રેસ રાખવામાં આવેલ. એમાં પ્રથમ ઈનામ- ખુશી તુષાર લોડાયા, બીજું ઈનામ - દિયા પ્રીતેશ દંડ તથા ત્રીજું ઈનામ - ઉત્સવી વિશ્વાસ ધરમશીને મળેલ. ઈનામો માલાબેન ધરમશી તરફથી હતા.

લક્ષ્મી દંડએ રંગોના આધારિત ગ્રુપ ગેમ રમાડી જેમાં ૭ ગ્રુપ હતા, એક ગ્રુપને મહિલા મંચ તરફથી ઈનામ આપવામાં આવેલ.

ઉંધીયા જલેબી માટે લક્ષ્મીબેન ખત્રી તથા દિવ્યાબેન મોતા તરફથી રૂ ૧૫૦૦ આપવામાં આવેલ. માલાબેન ધરમશી તરફથી એમના પૌત્ર શુભાન વિશ્વાસ ધરમશીના જન્મ નિમિત્તે. રૂ. ૧૦૦૦ મંચને ભેટ આપવામાં આવેલ.

## જલગામ મહિલા મંચનો વર્ધાપન દિન

મહારાષ્ટ્ર એકમ પ્રેરિત શ્રી જલગામ ક.દ.ઓ. જૈન મહિલા મંચના વર્ધાપન દિનની ઉજવણી મકર સંક્રાંતના પર્વે શ્રી મહામંત્ર નવકાર સ્મરણથી પ્રારંભ કરી એક કલાકનાં વિવિધ મંત્રોના જાપનું વિશેષ આયોજન કરવામાં આવેલ.

ત્યારબાદ મંડળનો બહેનોને હલ્દી-કંકુ લગાડીને સંક્રાંતની ભેટ આપી તલ-સાંકળી મીઠું મોઢું કરાવેલ.

આ સુઅવસર પર મંચના આર્થિક વર્ષ સન ૨૦૧૫-૧૬ માટે નવી કાર્યકારીણીની નિયુક્તી કરવામાં આવેલ છે. જેમાં અધ્યક્ષાપદે સૌ ખુશમતીબેન ખોના, ઉપાધ્યક્ષ - સૌ. દક્ષાબેન મોમાયા, સેક્રેટરી- સૌ. મીનાબેન મોમાયા, સહસેક્રેટરી- સૌ. તૃપ્તિ કાંકણ, ખજાનચીપદે- સૌ.ગીતાબેન દંડ તથા સહખજાનચીપદે - સૌ. હર્ષિકા સોનાની વરણી કરાયેલ છે.

જુની કાર્યકારિણીના સભ્યોને સ્મૃતિ ભેટ આપી, તેમના બહુમાન સહીત સેન્ડ ઓફ પૂરેજોશમાં પાર પાડવામાં આવેલ. ગત બોડીના સભ્યોએ પણ મંચની બહેનોને પુષ્પગુચ્છ સાથે ચાંદીનો સિક્કો ભેટ આપીને શુભેચ્છા આપેલ.

પાંચ સરપ્રાઈઝ ગિફ્ટ કાઢવામાં આવેલ, જેનાં ભાગ્યશાળી વિજેતા ૧) સૌ.કશ્મિરાબેન લોડાયા ૨) સૌ. કેતકીબેન ખોના, ૩) સૌ. છેડા ૪) સૌ.ચારૂલતાબેન લોડાયા અને ૫) સૌ.ભારતીબેન લોડાયા હતાં.

## શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)

શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધિ ટ્રસ્ટ દ્વારા દર બુધવારના ચાલીસગામ મદ્યે ગરીબોને ભોજન કરાવનાર દાતાઓના નામઃ-

પ્રિયંવદાબેનના આત્માશ્રેયાર્થે - ડૉ. ઉવર્શી. વિધાતા, તક્ષશીલા મેઘજી વેલજી ધરમશી (તારદેવ), મણીલાલ હંસરાજ ભઠારા, મણીલાલ દામજી ધુલ્લા, શા. શામજી મુલજી પોલડિયા (પારોલા), માતુશ્રી નવલબાઈ દામજી ધમરશી (વરલી), શા. ડુંગરશી દામજી દંડ, શા. રાજેશ શિવજી નરશી પોલડિયા (બેંગકોક), શા. પ્રદીપ ઉમરશી મેપાણી, દમયંતીબેન માણેકજી ડાઘા, શા. ગોંવિદજી જીવરાજ લોડાયા (સાયન), મીતા હિરાચંદ શાહ.

કાયમતિથી : : માતુશ્રી નવલબાઈ દેવજી પોલડિયા (ચાલીસગામ), સાધારણ ફંડમાં પ્રિયવંદાબેન, આરો આકાશ દેવચંદ ધરમશી (માટુંગા), શાંતીલાલ હિરાચંદ ઘંઘુરિયા (પારોલા), નીલમ દલેશ મોમાયા (ચાલીસગામ), તરલાબેન કુલીનકાંત ખોના (કોચીન).


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

સાહિત્ય દિવાકર પ.પૂ. આ. ભ. કલાપ્રભસાગર સુરિશ્વરજીનો ૨૭માં સૂરિપદ પ્રદાન દિન નિમિત્તે હાર્દિક અનુમોદના.
તન - મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

## ક.દ.ઓ.જૈન મહિલા મંડળ - નાગપુર

કચ્છી દશા ઓસવાલ જૈન મહિલા મંચના નેજા હેઠળ નાગપુરમાં તા.૩૧.૦૧.૧૫ના દિવસે સૌ. શશી પટેલના ઘરે મહાકાલીની ભાવના રાખવામાં આવી હતી. સહુએ દાંડીયા તથા સ્તવનો સાથે રમઝટ જમાવી હતી.

સૌ. પ્રગતિ ખોના તથા દર્શના લોડાયાના લગ્નદિવસે નિમિત્તે મહિલા મંચને રૂ.૧૦૧/- ની ભેટ અનુક્રમે આપવામાં આવી.

સૌ. કસ્તુરીબેન ધરમશીને ત્યાં જન્મની ખુશાલીમાં મહિલામંડળને રૂ.૧૦૧/-ની ભેટ આપવામાં આવેલ છે.

## દલતુંગીમાં જીવદયા ભંડોળ

જયંતિલાલ કેશવજી નાચાભાઈ માલદેના સ્મરણાર્થે તેમના પરિવાર દ્વારા દલતુંગી મુકામે અબોલ પશુ - પક્ષી માટે જીવદયા ભંડોળ માટે શ્રંધ્ધાજલિ સંતવાણીનું આયોજન કરી રકમ દલતુંગી ગૌશાળામાં ભેટ રૂપે આપવામાં આવી.

## ભુજમાં મહાકાળી ભાવના

શ્રી ક. દ. ઓ. જૈન જ્ઞાતિ મહાજન શ્રી ભુજનાં ઉપક્રમે શ્રી ઠાકરશી ગોવિંદજી મૈશેરી પરિવાર (જખૌ હાલે માનકુવાવાલા) તરફથી મહાકાળી માતાજીની ભાવના એકમ - ભવન ભુજ મધ્યે સમાજવાસીઓની વિશાળ ઉપસ્થિતિમાં યોજાઈ હતી. પ્રવિણ મારાજે સંગીતરસ પૂરો પાડ્યો હતો.

પ્રબોધ મુનવર, દિલીપ મોતા, વિનય હેફા, હેમંત છેડા એ ભાવનામાં ભારે રમઝટ જમાવી હતી. પ્રિતિબેન વી. મોમાયા એ શ્રી ક.દ.ઓ. જૈન મહિલા મંડળ ભુજની અને અભય ધરમશીએ શ્રી ક.દ.ઓ. જૈન યુવક મંડળ ભુજની નવી કારોબારીની રચનાની જાહેરાત કરી હતી.

મીનાબેન ઠાકરશી મૈશેરી પરિવાર દ્વારા અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવેલ.

## ઉત્તર મહારાષ્ટ્ર સ્તરીય ચેસ સ્પર્ધાના આયોજનમાં જ્ઞાતિજનનો સહયોગ

બુલડાણામાં નાગડા ક્લાસીસ ચલાવતા જ્ઞાતિજન આદિત્ય નાગડાએ બુલડાણા ચેસ એસસોસીએશનને ઉત્તર મહારાષ્ટ્ર સ્તરીય ચેસ સ્પર્ધાનાં આયોજનમાં સહયોગ આપ્યો હતો.

નાંદૂરામાં તા. ૮. ૨. ૧૫ ના યોજાયેલ આ સ્પર્ધામાં અમરાવતી, આકોલા, યવતમાલ, ચીખલી, મલકાપુર, તેલ્હારા, કારંજા, બુલડાણા, ખામગાંવ, શેગાંવ અને આસપાસના ગામના ૩૦૦ સ્પર્ધકો સહભાગી થયા હતા.

## આગામી કાર્યક્રમો

### શ્રી રાયધણજર જિનાલયનો ધજા મહોત્સવ

રાયણધજરના શ્રી આદિનાથ જિનાલય તીર્થ સમાન દેરાસરને ૨૨૫ વર્ષની પૂર્ણાહુતિ નિમિતે જિનેન્દ્ર ભક્તિ પંચાન્હિકા મહોત્સવ તા.૧૮.૦૪.૧૫ થી ૨૧.૦૪.૧૫ સુધી રાખેલ છે.

જેમાં પૂજા-પૂજનો-ભાવના સાંસ્કૃતિક કાર્યક્રમો તથા ધ્વજારોહણ વિધી સાથે અન્ય કાર્યક્રમો રાખેલ છે.

પાંચ દિવસના મહોત્સવમાં મુંબઈથી સહભાગી થયા સારી સંખ્યામાં ભાવિકો તા.૧૬.૦૪.૧૫ના રવાના થાશે. સ્થાનિકે પાંચ દિવસની સાધર્મિક ભક્તિ તથા રહેવાની સગવડ કરેલ છે. મહોત્સવ નિમિત્તે સર્વ સાધારણ ફંડમાં રૂ.૧૧૦૦૦/- તથા રૂ.૫૦૦૦/- રકમ રાખેલ છે.

સ્થાનિકે પધારનારની અગાઉથી જાણ કરવા વિનંતી.

શ્રી ગિરીશ ભવાનજી ગડા - ૦૯૮૨૧૩૭૬૭૫૬, શ્રી દેવેન્દ્ર વિસનજી ગડા - ૦૯૩૨૪૦૦૦૨૩૧

### શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ-મુલુંડ

શ્રી ક.દ.ઓ. મંડળ - મુલુંડ દ્વારા આયોજીત શ્રી મહાકાળી માતાજીની ભાવના તા.૦૧.૦૩.૧૫ (રવિવાર) ના રાતે ૯ કલાકેશ્રી વાસુપુજ્ય જિનાલયે રાખવામાં આવેલ છે. જેનો લાભ શ્રી દેવજી દામજી ખોના પરિવાર-જખૌ વાળાએ લીધેલ છે. રિધ્ધિ સિધ્ધિ મંડળ પધારશે.

ચૈત્ર માસની ભાવના ૨૯.૦૩.૧૫ના છે. જેનો લાભ શ્રી હીરેન શામજી નાગડા-જખૌ અને શ્રી સોનબાઈ શીવજી કુરૂવા-ગોધરાવાળાએ સાથે લીધેલ છે.

## નવા/બદલાયેલા સરનામા– (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **ભરત ચાંપશી લોડાયા** | ૫-ચાર્મી-બોની રેસીડેન્સી, જૈન મંદિરની નજીક, દેઢિયા (કચ્છ) માંડવી - ૩૭૦૪૫૦ |
| (કાશ્મીરા) **વિરેન્દ્ર લખમશી લુઠીયા** | ૯૦૩, ઔરા અપાર્ટમેન્ટસ, (સચ આત્મા સોસાયટી નં.૧), સીમા સોસાયટીની સામે, ઘાટલા વિલેજ રોડ, ચેમ્બુર મુંબઈ-૪૦૦ ૦૭૧ |
| **હંસરાજ ધરમશી મોતા** | હાઉસ નં-૧૬૫, ગીરી નગર, ગોકુલ રોડ, હુબલી-૫૮૦૦૩૦ (કર્ણાટક) |
| **લક્ષ્મીચંદ ડી. મોતા** | ગાર્ડન વ્યુ કો.ઓ.હા.લિ., અએ-વિંઇગ, રૂમ નં ૫, દેવી દયાલ રોડ, મુલુંડ (પ) - ૪૦૦ ૦૮૦ |
| **પંકજ માલદે** | ૧૦, ઉમા દીપ કો.ઓ.હા.સો.લિ, એસ.એલ.રોડ, મુલુંડ (પ) મુંબઈ - ૪૦૦ ૦૮૦ |

## નવા/બદલાયેલા ફોન નંબર

| | | | |
|---|---|---|---|
| **પંકજ માલદે** | **09820075015** | **હિમાશું ધરમશી મોતા** | **09886103139/ 09342638940** |
| **પંકજ માલદે** | **09343458340** | | |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫.૧૧.૧૪ | ભાડુંપ | ધ્રુવીન-નમ્રતા/દેવેશ હીરાચંદ નાગડા | તેરા | પુત્ર |
| ૨૧.૧૨.૧૪ | કોઈમ્બતુર | નિશ્ચલ-દીપાલી/ દિલીપ અશોક ડાઘા | વરાડીયા | પુત્ર |
| ૦૯.૦૨.૧૫ | દિલ્હી | - સલૌની/પ્રશાંત પ્રતાપ લોડાયા (પીર) | વરાડીયા | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૯.૦૨.૧૫ | કલીકટ | મહેર વિજય ભવાનજી લોડાયા | નલીયા | ૨૯ |
| | શાહપુર | મહેક પ્રદીપ મુલજી ધમરશી | સુથરી | ૨૩ |

### આંતર જ્ઞાતીય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧.૦૨.૧૫ | ભોપાલ | ભાવેશ નવિન કુંવરજી લોડાયા | સાંયરા | ૨૬ |
| | ભોપાલ | કોમલ રાજકુમાર જ્ઞાની | - | ૨૬ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯.૦૧.૧૫ | નાગપુર | ગૌતમ હરીશ પદમશી લોડાયા | નલિયા | ૨૭ |
| | ઈંદૌર | ધ્વનિ નવિન કિશોરકાંત મોતા | સુથરી | ૨૪ |

### આંતરજ્ઞાતીય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯.૦૧.૧૫ | હુબલી | હિમાશું હંસરાજ ધરમશી મોતા | સુથરી | ૩૨ |
| | બેલગામ | રાખી સુરેશ પાટીલ | - | ૩૪ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૮.૦૨.૧૫ | યવતમાલ | પિયુષ ચીમનલાલ કાનજી મોમાયા | વરાડીયા | ૬૨ |
| ૦૯.૦૨.૧૫ | ડોંબિવલી | પ્રકાશ જવેરચંદ ખોના | તેરા | ૫૭ |
| ૧૧.૦૨.૧૫ | ડોંબિવલી | ઉર્મિલા ગોવિંદજી દેવજી લોડાયા | - | ૬૭ |
| ૧૧.૦૨.૧૫ | થાણે | પ્રભાવતી દેવશી ડુંગરશી મોમાયા | નલિયા | ૮૨ |

# પ્રથમ પુણ્યતિથીએ સ્મરણાંજલિ



જન્મ :
તા. ૩૦.૦૫.૧૯૫૭

અરિહંત શરણ :
તા. ૨૨.૦૨.૨૦૧૪

## વાસંતી હીરાચંદ લાપશીયા

**ગામ : દલતુંગી**

આપની કાયમી ગેર હાજરીમાં હવે ફિક્કી લાગે વસંત,
સૌ સ્વજનો પ્રાથે કે આપના પુણ્યાત્માને ઉચ્ચગતિ આપે અરિહંત!

સંસારીક જીવનમાં સમર્પિત ભાવે સંતાનોનું જીવન ઘડતર
કર્યાની સાથે વહેવારીક સંબંધો સુપેરે સાચવ્યા
સૌ પ્રત્યે હેત સ્નેહની લાગણી વરસાવનાર શાંત
સૌમ્યતાધારી - ધર્માનુરાગી.
તમારી કુનેહતા અમારા માટે સદાય પ્રેરણાદાયી બની રહેશે.

**આપની અમર સ્મૃતિમાં પરિવાર જનો :**

| | | |
|---|---|---|
| સાસુ | : | નીર્મલાબેન ચાંપશી લાપશીયા |
| પતિ | : | હિરાચંદ ચાંપશી લાપશીયા |
| પુત્ર | : | ચેતન હીરાચંદ લાપશીયા |
| પુત્ર વધુ | : | વર્ષા ચેતન લાપશીયા |
| પુત્રી | : | જસ્મીન રાકેશ ગોગરી (ડોણ - કચ્છ) |
| | | કાજલ તેજશ ગોગરી (ડોણ - કચ્છ) |
| પૌત્ર | : | હર્ષ, ભવ્ય |
| દોહીત્ર | : | ક્રિશ, પાર્થ |
| નણંદ | : | કલ્પના ભરત લોડાયા |
| ભાણેજ | : | સ્વેતા ભરત લોડાયા |
| પીયરપક્ષ | : | ગંગાબાઈ પોપટલાલ જેતશી મોતા (ગોરખડી) |

❊ ચાંપશી પદમશી લાપશીયા સપરિવાર ❊

**C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday**
**Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2015**
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

## શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. વિદ્યાર્થીગૃહ - ઘાટકોપરના નવનિર્માણ માટે શ્રી હિરેનભાઈ મણીલાલ દંડ તરફથી ફરી માતબર દાન



સંસ્થાની પ્રવૃતિઓથી પ્રેરિત થઈને દાનવીર શ્રી હિરેનભાઈ મણીલાલભાઈ દંડે આપેલ માતબર રકમના દાનના શુભ સમાચાર સમાજના ઘરે ઘરે પહોંચે અને જ્ઞાતિજનોને પ્રેરિત કરે તે પહેલાં જ સંસ્થાના મકાનના બાંધકામના પ્રોગ્રેસથી પ્રભાવિત થઈ પુન: એટલીજ રકમનો એટલે રૂા. ૧,૧૧,૧૧,૧૧૧/- નો (રૂ. એક કરોડ અગિયાર લાખ અગિયાર હજાર એકસો અગિયાર પૂરા) ચેક સંસ્થાના મે. ટ્રસ્ટી શ્રી શીવજીભાઈ વિકમશીની ઓફિસે વ્યક્તિગત રીતે જઈને આપી આવેલ અને તેમને આપેલ દાનવીર કર્ણની ઉપમાને તેમણે સાર્થક કરેલ છે.

આમ તેમના તરફથી સંસ્થાને કુલ બે કરોડ બાવીસ લાખ બાવીસ હજાર બસ્સો બાવીસનું અનુદાન મળ્યું છે.

હીરેન દંડના જ શબ્દોમાં કહીએ તો: ''તમે મહાન કામ કરી રહ્યા છો અને શ્રી શીવજીભાઈની અને બીજા ટ્રસ્ટીઓની સમાજ પ્રત્યેની નિસ્વાર્થ સેવા ભાવના મને દાન આપવા પ્રેરિત કરે છે, અને આ ભેટ તેમની નિસ્વાર્થ સેવાની કદરરૂપે મોકલાવેલ છે. આવા સમાજલક્ષી યજ્ઞમાં મને જોડાવવા માટે પ્રોત્સાહિત કરવા તેમજ સુવર્ણતક આપવા અર્થે હું તેમનો ખૂબ ખૂબ આભાર માનું છું''.

સંસ્થાના ટ્રસ્ટીઓએ શિક્ષણ પ્રેમી અજોડ અને ઉદાર દાનવીર શ્રી હિરેનભાઈ મણીલાલભાઈ દંડની અનુમોદના કરતાં આશા વ્યક્ત કરી છે શ્રી હીરેનભાઈની જેમ અન્ય જ્ઞાતિજનો પણ આ સમાજલક્ષી યજ્ઞમાં યથાશકિત યોગદાન આપવાની મળેલ સુવર્ણ તકને ચુકશે નહિં.

## શ્રી શાંતિજિન જાગૃતિ ગ્રુપ મુંબઈના માનવધર્મી કાર્યકરોએ માંડવીના વૃધ્ધાશ્રમમાં રહેનારાઓના ક્ષેમકુશળ પુછી તેમને આવશ્યક વસ્તુઓ આપી








if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,